RNI Reg. GUJGUJ/2010/44893

મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

યોથી જાગીરનો પડકાર

સાંધ્ય દૈનિક

સુવિચાર

મૌન સૌથી સારો જવાબ છે એ લોકો માટે જે તમારા શબ્દોને મહત્વ નથી આપતા...

ઉંચા વ્યાજે નાણા આપી લોકોની માલ મીલ્કત પડાવી લેતો ખીરસરાનો વ્યાજખોર પાસામાં ધકેલાયો P-4

Year-16, Issue-250 ■ DATE : 05-02-2026 THURSDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

આસારામની ૫૦૦ કરોડની જમીન પર બનેલા આશ્રમ પર બૂલડોઝર ફરી વળશે

૪૫,૦૦૦ ચો.મીથી વધુ જમીન પાછી લેવા હાઇકોર્ટની મંજૂરીઃ તપાસ દરમિયાન ફાળવેલી જમીન કરતાં ઘણી વધારે જમીન પર વ્યાપક બાંધકામ અને કબજો થયેલો હોવાનું બહાર આવ્યું હતું

મુખ્ય સમાચાર, અમદાવાદ

રેપિસ્ટ આસારામનું અમદાવાદનું સરનામું હવે વિખાઈ જશે. ૫૦૦ કરોડની જમીન પર બનેલા આશ્રમ પર બૂલડોઝર ફરી વળશે. જૂહા સાબરમતીના કઠે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ પાસે મોટેરામાં આસારામ આશ્રમની ૪૫,૦૦૦ ચો.મીથી વધુ જમીન પાછી લેવા હાઇકોર્ટે રાજ્ય સરકારને મંજૂરી આપી દીધી છે.

ગુજરાત હાઇકોર્ટે આસારામ આશ્રમ પાસેથી ૪૫,૦૦૦ ચોરસ મીટરથી વધુ વિસ્તારની જાહેર જમીન પાછી લેવા રાજ્ય સરકારના પગલાને યોગ્ય ઠેરવેલ છે. વિવાદિત



જમીન અમદાવાદના મહત્વના સ્થળે આવેલી છે. નરેન્દ્ર મોદી સ્ટેડિયમ અને સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સની બાજુમાં આવેલા મોટેરાએ શહેરના રમતગમત અને શહેરી ભવિષ્યના કેન્દ્રબિંદુ તરીકે સ્થાન મેળવી લીધું છે. અમદાવાદ કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ માટે તૈયારીઓ કરી રહ્યું છે અને લાંબા ગાળે ઓલિમ્પિક્સ માટેના સપનાઓ પોષી રહ્યું છે ત્યારે આ જમીન પાછી મળવી મહત્વપૂર્ણ છે.

કોર્ટ સમક્ષ રાજ્ય સત્તાવાળાઓએ એક મજબૂત હકીકત આધારિત રજૂ કરી હતી કે દાયકાઓ પહેલાં માત્ર મર્યાદિત ધાર્મિક ઉપયોગ માટે આપવામાં આવેલી જમીન ધીમે ધીમે તેની કાયદેસર સીમાઓને પાર કરતી ગઈ હતી. જમીન ફાળવણી સાથે જોડાયેલી શરતો સ્પષ્ટ હતી કે તેમાં કોઈ વ્યાવસાયિક પ્રવૃત્તિ નહીં થાય, કોઈ અનધિકૃત બાંધકામ નહીં થાય અને જરૂરી મંજૂરીઓનું કડક પાલન કરવામાં આવશે. તેમ છતાં તપાસ દરમિયાન ફાળવેલી જમીન કરતાં ઘણી વધારે જમીન પર વ્યાપક બાંધકામ અને કબજો થયેલો હોવાનું બહાર આવ્યું હતું. રાજ્યના કેસને વધુ વજન આપતી બાબત એ હતી કે આશ્રમે જાતે જ વારંવાર અનધિકૃત બાંધકામને નિયમિત કરવાની અરજીઓ કરી હતી.

રાજ્ય સરકાર તરફથી હાજર થયેલા મુખ્ય સરકારી વકીલ જી.એચ.વિર્ક દલીલ કરી હતી કે આ કોઈ અચાનક લેવામાં આવેલ પગલું કે વહીવટી અતિશયતા નથી. પરંતુ ન્યાયસંગત, ધીરજ યુક્ત નિર્ણય પ્રક્રિયાનું પરિણામ છે. તેમણે કહ્યું કે આશ્રમને કાયદેસર જરૂરી કરતાં પણ વધુ વખત નોટિસ આપવામાં આવી, એક પછી એક સુનાવણીઓ આપવામાં આવી છે. રાજ્ય સરકારે એ પણ સ્પષ્ટ કર્યું કે જાહેર જમીનને ઊંચે ઊંચે અતિક્રમણ કરીને પછી તેને કાયદેસર બનાવવાનો પ્રયાસ સ્વીકાર્ય હોઈ શકે નહીં.

જમીનના દુરુપયોગ અંગે જાહેર ચિંતા વધતાં સત્તાવાળાઓએ પણ પગલાં લીધા હતા. તાજેતરમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને મોટેરા સ્થિત આશ્રમમાં આવેલી ૩૦થી વધુ ગેરકાયદેસર રચનાઓને નિયમિત કરવાની અરજીઓને નામંજૂર કરી દીધી હતી અને સ્પષ્ટ કર્યું હતું કે ખાસ કરીને આવા સંવેદનશીલ શહેરી વિસ્તારમાં ગેરકાયદેસર બાંધકામને કાયદેસર બનાવી શકાય નહીં. હાઈકોર્ટના આ ચુકાદા બાદ લાંબા સમયથી કાનૂની ગૂંચવણમાં અટવાયેલી વિશાળ જમીન હવે રાજ્ય સરકારના નિયંત્રણમાં પાછી આવવાની દિશામાં છે.

૫૦૦ કરોડની જમીન પર બનેલા આસારામ આશ્રમમાં ૩૨ જેટલાં ગેરકાયદે બાંધકામ કરવામાં આવેલાં છે, જેને દૂર કરવા માટે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને નોટિસ આપી હતી. ત્યારે ૨૧ જાન્યુઆરી, ૨૦૨૬એ એએમસીએ આશ્રમની ઈમ્પેક્ટ ફીની અરજી નામંજૂર કરી હતી અને એપેલેટ ઓથોરિટીમાં કેસનો નિકાલ લાવવા સૂચના આપી હતી.

Petrol & Diesel Rate

પેટ્રોલ	₹. ૯૪.૭૪/લીટર
ડીઝલ	₹. ૯૦.૪૩/લીટર
CNG	₹. ૭૭.૦૦/કિલો



સાણંદમાં હાઈપ્રોફાઈલ દારૂ અને હુક્કાની મહેફીલનો પોલીસે કર્યો ભાંડાફોડ

પોલીસ રેડમાં ૮૦ યુવક-યુવતીઓ પકડાયાઃ ગોરસ નજીક આવેલા નિર્વાણા ગ્રીન્સના એક વિકેન્ડ હોમમાં દરોડો પાડ્યો

મુખ્ય સમાચાર, સાણંદ

અમદાવાદ જિલ્લાના સાણંદ વિસ્તારમાં પોલીસને મોટી સફળતા મળી છે. ગત રાત્રે બાતમીના આધારે સાણંદ પોલીસે ગોરસ નજીક આવેલા નિર્વાણા ગ્રીન્સના એક વિકેન્ડ હોમમાં દરોડો પાડી દારૂ અને હુક્કાની મહેફિલનો ભાંડાફોડ કર્યો હતો. આ કાર્યવાહીમાં અંદાજે ૮૦ જેટલા યુવક અને યુવતીઓની સાણંદ પોલીસ દ્વારા અટકાયત કરવામાં આવી છે.

મળતી માહિતી મુજબ નિર્વાણા ગ્રીન્સના પ્રાઈવેટ બંગલામાં આદર્શ નામના એક વ્યક્તિની ૨૫મી વેડિંગ એનિવર્સરી નિમિત્તે ભવ્ય પાર્ટીનું આયોજન કરાયું હતું. પાર્ટીમાં મોટી સંખ્યામાં મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા અને દારૂ તથા હુક્કાની

ખુલ્લેઆમ વ્યવસ્થા કરવામાં આવી હતી. કુલ ૧૧ જેટલા ટેબલ પર કેક, હુક્કા અને દારૂ પીરસવામાં આવી રહ્યો હતો. પોલીસે દરોડો પાડતા જ પાર્ટીમાં અફરાતફરી સર્જાઈ હતી. પોલીસ ટીમે સ્થળ પરથી ૧૦ જેટલા હુક્કા, અનેક દારૂની બોટલો તેમજ અન્ય મુદ્દામાલ કબજે કર્યો હતો. આ ઉપરાંત પાર્ટીમાં આવનાર યુવક-યુવતીઓ આશરે ૧૮ જેટલી લક્ઝરી કારમાં આવ્યા હોવાની પણ માહિતી સામે આવી છે.

દરોડા બાદ તમામ ૮૦ લોકોની રાત્રી દરમિયાન જ મેડિકલ તપાસ કરવામાં આવી હતી. માહિતી અનુસાર, મહિલાઓને વહેલી સવારે મેડિકલ ટેસ્ટ બાદ નોટિસ આપી છોડી મૂકવામાં આવી છે, જ્યારે પુરુષોને પોલીસ કસ્ટડીમાં રાખવામાં આવ્યા છે. કુલ ૩૮ જેટલી યુવતીઓને નોટિસ આપી મુક્ત કરવામાં આવી છે.

પોલીસે આ મામલે તમામ સામે ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરી છે અને જમ કરાયેલા મુદ્દામાલ સાથે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે. સાણંદ પોલીસ દ્વારા આ હાઈપ્રોફાઈલ પાર્ટી અંગે કાયદેસરની કાર્યવાહી આગળ વધારવામાં આવી રહી છે. અમદાવાદમાં સાણંદ પોલીસે બાતમીને આધારે રેડ કરીને એક નિર્વાણા ગ્રીન્સના વિકેન્ડ હોમમાં ચાલતી દારૂની મહેફિલ ગત રાત્રે ઝડપી પાડી છે. પોલીસે ૮૦ જેટલા યુવક અને યુવતીની અટકાયત કરવામાં આવી છે.

સંસદમાં હંગામાને કારણે વડાપ્રધાન અભિભાષણ પરની ચર્ચાનો જવાબ આપી શક્યા નહીં

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સંસદમાં સતત ચાલી રહેલા વિરોધ પ્રદર્શન અને હંગામાને કારણે હવે એ સ્પષ્ટ થઈ ગયું છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકસભામાં રાષ્ટ્રપતિના અભિભાષણ પરની ચર્ચાનો જવાબ નહીં આપી શકે. બુધવારે સાંજે ૫ વાગ્યે તેમના ભાષણનો સમય નક્કી કરવામાં આવ્યો હતો, પરંતુ કોંગ્રેસ સહિત વિપક્ષી સાંસદોના હોબાળાને કારણે ગૃહની કાર્યવાહી સ્થગિત કરવી પડી હતી. પરિણામે, વડાપ્રધાનના ભાષણ વગર જ રાષ્ટ્રપતિના અભિભાષણ પરનો 'ધન્યવાદ પ્રસ્તાવ' મંજૂર કરી લેવામાં આવ્યો છે.

સંસદીય ઇતિહાસમાં ૨૦૦૪ પછી આ પ્રથમ એવી ઘટના છે જ્યારે વડાપ્રધાનના ભાષણ વગર ધન્યવાદ પ્રસ્તાવ પસાર થયો હોય. અગાઉ ૨૦૦૪માં તત્કાલીન વડાપ્રધાન મનમોહન સિંહ પણ હંગામાને કારણે પોતાનું ભાષણ આપી શક્યા નહોતા. આ વખતે પરિસ્થિતિ એટલી ગંભીર હતી કે સમગ્ર ચર્ચા દરમિયાન માત્ર ત્રણ સાંસદો જ પોતાની સ્પીચ પૂરી કરી શક્યા હતા.

લોકસભા સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષ દ્વારા સૂચવવામાં આવેલા સુધારાઓને ગૃહ સમક્ષ રાખ્યા હતા, જેને બહુમતીથી ફગાવી દેવામાં આવ્યા હતા. ત્યારબાદ સ્પીકરે ધન્યવાદ પ્રસ્તાવને મતદાન માટે મૂક્યો હતો અને હંગામાની વચ્ચે જ તેને 'ધ્વનિમત'થી પસાર કરી દેવામાં આવ્યો હતો. વિપક્ષી સાંસદોની સતત નારેબાજીને જોતા સ્પીકરે ગૃહની કાર્યવાહી બપોરે ૨ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી હતી.

પાકિસ્તાનના કારણે અન્ય દેશોના ક્રિકેટ બોર્ડને સહન કરવું પડશેઃ બાંગ્લાદેશે ક્રિકેટ બોર્ડે પાક.ને આડે હાથ લીધું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

પાકિસ્તાન દ્વારા ટી-૨૦ વર્લ્ડકપમાં ભારત સામેના મેચનો બહિષ્કાર કરીને જે કાગારોળ કરવાની કોશીશ કરી છે તે બેકફાયર થાય તેવી શકયતા છે. એક તો આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બોર્ડ પાકિસ્તાનને આ પ્રકારના બોયકોટ બદલ આકરો દંડ ફટકારે અને અગાઉથી જ દેવાળીયા જેવા રહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને નાણાકીય નુકસાની સહન કરવી પડે પણ પાકિસ્તાન ટંગડી ઉંચી રાખીને બાંગ્લાદેશ સાથે એકતા દર્શાવવા તે ભારત સામેનો મેચનો બહિષ્કાર કરી રહ્યું છે તેવું આ દેશના વડાપ્રધાન શાહબાઝ શરીફે જાહેર કર્યા બાદ બાંગ્લાદેશે જ પાકિસ્તાનની આ પ્રકારની વૃતિ સામે નારાજગી દર્શાવી છે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે જણાવ્યું હતું કે, બે દેશોની ગેમનો બહિષ્કાર કરવાથી ફકત ભારત અને પાકિસ્તાન નહીં અન્ય દેશોના ક્રિકેટ બોર્ડને સહન કરવું પડશે અને પુરા ક્રિકેટ વર્લ્ડને તેની અસર થશે.

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે આ રીતે પાકિસ્તાનને તેની જ ચાલમાં ફસાવી દીધુ છે. પાકિસ્તાને વર્લ્ડ કપ રમવાની સંમતિ આપ્યા બાદ અને તેના મેચો શ્રીલંકામાં રમાશે તે નિશ્ચિત કર્યા બાદ આ પ્રકારે ભારત સામેની ગેમનો બહિષ્કાર યોગ્ય ન હોવાનું બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે મંતવ્ય વ્યકત કર્યુ છે. આથી બાંગ્લાદેશ ક્રિકેટને પણ નુકસાન થશે કારણ કે વર્લ્ડ કપની આઈસીસીની આવકમાં બાંગ્લાદેશ પણ લાભાર્થી છે.

સોના-ચાંદીના ભાવમાં ફરી ઉથલપાથલ

ચાંદીમાં ૯ ટકાનો કડાકોઃ સોનું ૫૦૦૦ રૂપિયા તૂટ્યું

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

સોના-ચાંદીના ભાવોમાં ફરી વખત તેજ-મંદીની ઉથલપાથલ શરૂ થઈ હોય તેમ આજે ભાવો ફરી ધડામ થયા હતા. ખાસ કરીને ચાંદીમાં ૯ ટકા જેવો મસમોટો કડાકો સર્જાયો હતો.સોનું પણ ૫૦૦૦ રૂપિયા જેટલુ તૂટ્યુ હતું

આસામાન્ય તેજી બાદ પ્રચંડ કડાકા અને ફરી ઉછાળા વચ્ચે હવે નવેસરથી મંદી હોય તેમ સોના-ચાંદીના ભાવ ગગડ્યા હતા. વિશ્વબજારની મંદીનો પ્રત્યાઘાત પડ્યો હતો. ભારતીય કોમોડીટી એકસચેંજમાં ચાંદીના ભાવમાં ૨૪૦૦૦ નો કડાકો હતો.નીચામાં ૨૪૪૬૫૪ થયા બાદ ભાવ ૨૪૫૫૦૦ સાંપડ્યો હતો. વિશ્વ બજારમાં ચાંદી ગગડીને ૭૭.૩૬ ડોલર હતી. હાજર ચાંદીમાં ૩૩૦૦૦ ના કડાકાથી ૨૫૬૪૦૦ હતી.

સોનામા પણ ગાબડુ હતું હાજર સોનુ ૫૫૦૦ ના કડાકાથી ૧૫૭૫૦૦ હતું કોમોડીટી એકસચેંજમાં નીચામાં ૧૪૮૪૫૫ થઈને ૧૫૧૭૦૦ હતું વિશ્વ બજારમાં ભાવ ૫૦૦૦ ડોલરની નીચે ઉતરીને ૪૮૮૩ ડોલર સાંપડ્યો હતો.

સોના-ચાંદીમાં ઉથલપાથલને પગલે ઈન્વેસ્ટરોમાં ચિંતા પ્રસરી છે. રોજ ૫-૧૦ ટકાની વધઘટ અસામાન્ય છે અને વાયદા તો ઠીક ફીઝીકલ વેપારને પણ મોટો ફટકો પડ્યો છે. વેપારીઓના કહેવા પ્રમાણે વર્તમાન પ્રકારની વધઘટ ચાલુ રહેવાનાં સંજોગોમાં કારોબાર ફરી ૬૫ થઈ શકે છે.

છેલ્લા દિવસોની તેજી પાછળ સંભવીત યુદ્ધ સહિતના ઘટનાક્રમોને જવાબદાર ગણવામાં આવતા હતા પરંતુ મંદી ઉથલપાથલ પાછળનું કારણ બેફામ સટ્ટો અને પોઝીશનો હળવી થવાનું મનાય છે.

ગુજરાતમાં બે સેલ્ફ ફાયનાન્સ સહિત ત્રણ નવી મેડીકલ કોલેજ સ્થપાશે

ગુજરાતમાં દરેક જીલ્લામાં એક મેડીકલ કોલેજથી સ્થાપનાને લગભગ નિશ્ચિત કર્યા બાદ પણ રાજ્ય સરકારે હવે તબીબી ક્ષેત્રે વધુ વિદ્યાર્થીઓને તક મળે તે હેતુથી ૩૫૦ બેઠકો સાથેની નવી ત્રણ મેડીકલ કોલેજની સ્થાપના માટે આવશ્યકતા સર્ટી (ઈસી) આપ્યા છે. આ નવી મેડીકલ કોલેજ અમદાવાદ-મહેસાણા-સુરતમાં સ્થપાશે. રાજ્ય સરકારના સર્ટીથી હવે નેશનલ મેડીકલ કાઉન્સીલને આ કોલેજની સ્થાપના માટે મંજૂરી આપવાનું સરળ બનશે. બે કોલેજ સેલ્ફ ફાયનાન્સ મોડેલની હશે. જો કે સુરતમાં ઈએસઆઈસી સાથે કેન્દ્ર સરકારની યોજના ગુજરાતની મેડીકલ કોલેજ હશે. આ માટે હવે મેડીકલ કાઉન્સીલની મંજૂરી મળતા જ આગળની કામગીરી શરૂ થશે જેની કુલ ૩૫૦ બેઠકો હશે. અમદાવાદ સરદાર પટેલ મેડીકલ કોલેજ અન્ડ રીસર્ચ સેન્ટરના નામે કાકડીયા હોસ્પીટલ સાથે જોડાયેલી મેડીકલ કોલેજ અને મહેસાણામાં સત્સંગી મેડીકલ કોલેજ એન્ડ રીસર્ચ સેન્ટર સ્થપાશે. ગુજરાતમાં હાલ ૪૩ મેડીકલ કોલેજ છે જે ૬૫૦૦ તબીબો તૈયાર કરશે.

હાડ કંપાવી દેતી ઠંડીમાં પણ હિમાલયની ઉંચાઈઓ પર સાધુઓની કઠીન યોગ સાધના

મુખ્ય સમાચાર, નવીદિલ્હી

આપણે સામાન્ય ઠંડીમાં થથરી ઉઠીએ છીએ અને ગરમ વો પહેરી લઈએ છીએ પણ હિમાલયની ઉંચાઈઓ પર હાડ કંપાવી દેતી ઠંડી સામે ૧૫ સાધુઓની આસ્થા અડગ છે. બદરીનાથમાં ૧૧ હજાર ફીટ ઉંચે માઈનસ ૧૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાનમાં ૧૫ સાધુઓ કઠિન યોગ સાધનામાં લીન છે.

તસવીરોમાં જોવા મળે છે કે, તેમની આસપાસ બરફના થર જામી ગયા છે. બદરીનાથમાં બે થી ત્રણ ફુટ બરફની ચાદર છવાઈ ગઈ છે. સાંજ પડતા જ અહીં માઈનસ ૧૫ ડીગ્રી સેલ્સીયસ તાપમાન થઈ જાય છે.

આવી વિકટ સ્થિતિમાં સાક્ષાત ભૂ-વૈકુંઠ તરીકે ઓળખાતા બદરીનાથધામમાં સાધુઓની આસ્થાની અગ્નિ સામે ઠંડી પણ પીગળી ગઈ છે! સ્વામી અરુઆનંદજી મહારાજ છેલ્લા ૪ વર્ષથી અહીં ૧૨ મહિના રહીને ભગવાન બદરીનાથના ધ્યાનમાં રહે છે. પ્રશાસનની મંજૂરીથી આ સાધુઓ શીતકાલમાં ધ્યાન-યોગ કરી રહ્યા છે. પ્રશાસને તેમને સુરક્ષા, દવા, રાશનની વ્યવસ્થા કરી છે.

નવા નાણાકિય વર્ષથી રાજ્યના વહીવટી તંત્રને વેગવંતુ બનાવવા કવાયત

પાલીકા - પોલીસ સહિતના એનઓસી - લાયસન્સ 'રાજ' ખત્મ થશે

મુખ્ય સમાચાર, ગાંધીનગર

કેન્દ્રીય બજેટની જોગવાઈઓથી ગુજરાત માટે આગામી સમયમાં વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે વધુ મહત્વપૂર્ણ ભૂમિકા બની શકે છે તે નિશ્ચિત થતા જ ગુજરાત સરકારે આગામી સમય માટે રાજયને સજજ કરવા હશે.

'ઈઝ ઓફ ડુઈંગ બીઝનેસ'ને આગળ વધારવા એપ્રિલ માસથી જ રાજયના વહીવટી ક્ષેત્ર સહિતના ક્ષેત્રે પ્રક્રિયાઓ, નિયમો, કામકાજમાં સરળતા લાવવા તમામ વિભાગોને સાંકળતી કવાયત શરૂ કરવા નિર્ણય લીધો છે.

કેન્દ્ર સરકારે પણ તમામ સબ્યોને ખાસ કરીને વહીવટી રીફોર્મ માટે એક વ્યાપક અમલીકરણનો માર્ગ અપનાવવા જણાવીને માર્ગરેખા પુરી પાડે છે અને ખાસ કરીને વ્યાપાર-ઉદ્યોગ પરના બિનજરૂરી નિયંત્રણો દુર થાય તે નિશ્ચિત કરવા જણાવ્યું છે.

ગુજરાતે તે અંગે પહેલ કરીને ગઈકાલે જ મળેલી રાજય કેબીનેટની બેઠકમાં આ અંગે એક વ્યાપક રોડ-મેપ રજુ કર્યો જોયો હતો. રાજય સરકારે હવે શિક્ષણ, ઉર્જા, પેટ્રોકેમીકલ, ખાદ્ય નાગરિક પુરવઠો, ગ્રાહક બાબતો, ઉદ્યોગ, ખાણ ખનીજ વિભાગ કામદાર અને રોજગાર મંત્રાલય મહેસુલ શહેરી વિકાસ તથા શહેરી આવાસ વિભાગોને કેન્દ્રમાં રાખ્યા છે.

આ કામગીરી એપ્રિલ માસથી શરૂ થશે અને જૂન સુધીમાં પુરી કરાશે. રાજયના ઔદ્યોગીક વિકાસ નિગમ જે જમીન ઉદ્યોગો માટે નિશ્ચિત થાય છે તેનો મહતમ ઉપયોગ થાય અને ખાસ કરીને એમઓસએમઈ ને માટે જોગવાઈ થાય તે જોવા જણાવ્યું છે.

આ માટે ઔદ્યોગીક જમીન ફાળવણી માટેની જે નીતિ છે તેની પુનઃ સમીક્ષા થશે. ઔદ્યોગીક કલ્સર સર્જાશે. આનુસાંગીક ઉદ્યોગો એક સાથે એકબીજા પાસે આવી શકે તેવા 'પાર્સલ' તૈયાર થશે. 'લેન્ડ પુલીંગ' વ્યવસ્થાથી ઉદ્યોગોને જમીન ગમે તે સમયે ઉપલબ્ધ થઈ શકશે.

જમીનના મોર્ટગેજ, હેતુ બદલી વ્યાપારમાં બદલાવ વિ.ની અપાશે અને સમગ્ર પ્રક્રિયા અત્યંત સરળ બનશે. એક ઉદ્યોગને ઝોઈન્ટ વેન્ચર તેના પેટા ઉદ્યોગોને સાથે જમીન મળે તે નિશ્ચિત થશે.

આ ઉપરાંત ઔદ્યોગીક ક્ષેત્રની આસપાસ જ કામદારોને વસવાની સુવિધા મળે તે હેતુથી આ ક્ષેત્રોમાં સસ્તા આવાસ ઉપલબ્ધ કરાવાશે. સરકારી ખરાબાથી જમીન પર જયા દબાણો ગેરકાનુની ઝુપડપટ્ટી ઉભી થઈ તે સાથે જ સસ્તા આવાસ બનાવીને ઉદ્યોગોને પણ સરળતા કરાશે.

આ ઉપરાંત શિક્ષણ વિભાગ હવે ખાનગી શાળાઓની મંજુરી સંચાલન માટેની જમીન વિ. પ્રક્રિયા સરળ બનાવશે. ઉર્જા, પેટ્રો કેમીકલ વિભાગે વિજ જોડાણ આપવાની પ્રક્રિયા સરળ બનાવવાનો રોડ મેપ તૈયાર કર્યો છે. એમએસએમઈ માટે જે હાલ ડબલ લાયસન્સ વિ. જે પ્રક્રિયા છે તે પણ દુર કરીને તેને ઝડપથી કામકાજની સરળતા મળે તે જોવાશે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

સાઉથ કોરીયાની બ્લેક ઈગલ્સ ટીમનુ જામનગર એરફોર્સ પર રોકાણઃ વાયુસેના દ્વારા કરાઈ મદદ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર એરફોર્સ પર રોકાણ વાયુસેના દ્વારા કરાઈ મદદ ઈન્ડીયન એરફોર્સે એ ભ્લેક ઈગલ્સ એરોબેટીક ટીમના નવ ટી-૫૦બી વિમાન અને એક સી-૧૩૦ વરાવતી કોરીયા રીપબ્લીક એરફોર્સ ટુકડીને કસ્ટમસ અને ઈમીગ્રેશન સહિત લેન્ડીંગ તેમજ ટેકનીકલ સુવિધાઓ માટે સહાય પુરી પાડી હતી. જે જામનગરના એરફોર્સ પર તા.૩૧ જાન્યુઆરીથી ૧ ફેબ્રુઆરી સુધી રોકાણ કર્યુ હતું. કોરીયા રીપબ્લીક એરફોર્સ ટુકડી વર્લ્ડ ફિકેન્સ શો માં ભાગ લેવા માટે સાઉદ અરેબીયા જતી હતી તે દરમ્યાન જામનગરમાં બે દિવસ માટે રોકાણ કર્યુ હતું. નવ ફાઈટર જેટ અને એક ટ્રાન્સપોર્ટ વિમાન સાથેની બ્લેક ઈગલ્સની ટીમને ભારતીય વાયુસેનાએ ફ્યુલ અને ટેકનીકલ મદદ આપી હતી.

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા ફાયર ટ્રેનિંગ અને પ્રિવેન્શન કામગીરી કરાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા તા.૨૭/૦૧/૨૦૨૬ થી ૦૨/૦૨/૨૦૨૬ દરમ્યાન ૦૫ સરકારી કચેરીમાં ૪૧૮ કર્મચારીઓને ફાયર પ્રિવેન્શનની તાલીમ આપવામાં આવી. સાથે શહેરમાં ફાયર સેફ્ટી સર્ટિફિકેટ ચેકિંગ, નોટિસ અને માર્ગદર્શનની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

મોરબી મહાનગરપાલિકા અગ્નિશમન શાખા દ્વારા શહેરમાં આગ નિવારણ અને ફાયર સેફ્ટી અંગે જાગૃતિ લાવવા વ્યાપક કામગીરી કરવામાં આવી છે. તા.૨૭/૦૧/૨૦૨૬ થી ૦૨/૦૨/૨૦૨૬ દરમિયાન ૦૫ સરકારી કચેરીમાં કુલ ૪૧૮ વ્યક્તિઓને ફાયર પ્રિવેન્શન અને ફાયર સાધનોના યોગ્ય ઉપયોગ અંગે તાલીમ આપવામાં આવી હતી. ફાયર પ્રિવેન્શનના ભાગરૂપે સમાજવાડી, કોમ્પ્લેક્ષ અને ઈન્ડસ્ટ્રીઝ જેવી બિલ્ડીંગોના ફાયર સેફ્ટી સર્ટિફિકેટની ચકાસણી કરવામાં આવી હતી. ફાયર એનઓસી વગરની બિલ્ડીંગોને નોટિસ આપવામાં આવી તેમજ જરૂરી સૂચનાઓ અને ગાઈડલાઈન આપવામાં આવી હતી. અગાઉ અપાયેલી નોટિસના પગલે ૧૭૨ કોમ્પ્લેક્ષ અને ૩૪ સમાજવાડીમાં ફાયર સિસ્ટમ લગાવવામાં આવી છે અથવા કામગીરી ચાલુ કરવામાં આવી છે. આ સમયગાળા દરમિયાન ફાયર સેફ્ટી અપ્રુવલ માટે આવેલી ૦૮ અરજીઓ આર.એફ.ઓ. કચેરીમા ફોરવર્ડ કરવામાં આવી છે. આ સમય દરમિયાન મોરબીમાં ૦૧ રેસ્ક્યુ કોલ અને ૦૫ આગ લાગવાના બનાવ નોંધાયા હતા, જેમાં ફાયરના જવાનો દ્વારા આધુનિક સાધનો અને પીપીઈ પહેરી સફળ ફાયર ફાઈટીંગ કરવામાં આવી હતી. મહાનગરપાલિકા દ્વારા નાગરિકોને કોઈ પણ ઈમરજન્સી સમયે મોરબી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ (૦૨૮૨૨-૨૩૦૦૪૦), ૧૦૧ અથવા ૧૧૨ પર તાત્કાલિક સંપર્ક કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

૨૦ વર્ષથી ફરાર હત્યાનો આરોપી ઝડપાયો

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર પોલીસે ૨૦૦૬ના હત્યા કેસના ૨૦ વર્ષથી ફરાર આરોપીને ઉત્તરપ્રદેશથી ઝડપી પાડ્યો છે. આરોપી જીતેન ઉર્ફે જીતુ ગુમા ઉત્તરપ્રદેશના અજીતમલ ગામમાં નામ બદલીને પવન કુમાર તરીકે રહેતો હતો.આ ઘટના જામનગર શહેરના અંબર સિનેમા પાસે આવેલા પંચરત્ન કોમ્પ્લેક્સમાં ૨૦૦૬માં બની હતી. જેમાં આલા કમાભાઈ મોરી (રબારી) અને મહેશચંદ્ર અગ્રવાલની હત્યા કરવામાં આવી હતી. આ ઉપરાંત, ગૌરાંગ મોદી અને મિલન મોદી ઘાયલ થયા હતા.આરોપી જીતેન ઉર્ફે જીતેન્દ્ર ઉર્ફે જીતુ રમેશચંદ્ર ગુમા ગુનો બન્યા બાદ છેલ્લા ૨૦ વર્ષથી ફરાર હતો. અગાઉ પણ જામનગર પોલીસની ટીમોએ તેને પકડવા માટે બેથી ત્રણ વખત

તપાસ કરી હતી, પરંતુ સફળતા મળી ન હતી.

સ્થાનિક STF પણ તેને પકડવામાં નિષ્ફળ રહી હતી.ફરિયાદી મિલન મોદીની રજૂઆત બાદ આઈજી અશોકકુમાર યાદવે ફરીથી એક સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT)ની રચના કરી. આ ટીમમાં PI પી. પી. ઝા અને સિટી બી ડિવિઝનનો સ્ટાફ સામેલ હતો. SIT ટીમે કેસના કાગળોનો અભ્યાસ કરી ટેકનિકલ અને હ્યુમન સોર્સિસનો ઉપયોગ કરીને તપાસ શરૂ કરી.આરોપીને પકડવા માટે PSI એમ.વી. મોઢવાડીયાના નેતૃત્વ હેઠળ દશરથસિંહ, ધર્મેન્દ્રસિંહ અને સાજિદભાઈ બેલીમની એક ટીમ ઉત્તરપ્રદેશ મોકલવામાં આવી. ટીમને જાણવા મળ્યું કે આરોપી અજીતમલ ગામમાં સાંઈબાબા મંદિર પાસે નામ બદલીને રહે છે. ટીમના સભ્યોએ વેશપલટો કરીને બે દિવસ સુધી રેકી કરી અને આરોપીની સાચી ઓળખ કરી તેને ઝડપી પાડ્યો. પોલીસે આ કામગીરીને સરાહનીય ગણાવી છે.

જ્યારે જીતેન ઉર્ફે જીતુ ગુમા પોતે શાર્પ સુટર હતો અને ડ્રાઈવિંગ પર ગાડીનું કરતો હતો ત્યારે તમામ આરોપીને ભગાડી જવામાં મહત્વની ભૂમિકા હતી ત્યારબાદ જામનગર પોલીસે ૨૦ વર્ષ થી નાસ્તો ફરતો આરોપીને ફિલ્મી ઢબે દબોચી લીધો.

જામનગર કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૨૨મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠક યોજાઈ

મુખ્ય સમાચાર, જામનગર

જામનગર જુનાગઢ કૃષિ યુનિવર્સિટી હસ્તકના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, જામનગર ખાતે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કૃષિ ટેકનોલોજીના વિસ્તરણ અર્થે ૨૨મી વૈજ્ઞાનિક સલાહકાર સમિતિની બેઠકનું આયોજન જૂનાગઢ કૃષિ યુનિવર્સીટીના કુલપતિ ડો. વી. પી. ચોવટીયાના અધ્યક્ષસ્થાને કરવામાં આવ્યું હતું.આ બેઠકમાં કેવિકેના વડા ડો. કે. પી. બારૈયા દ્વારા વર્ષ ૨૦૨૫ દરમિયાન કરવામાં આવેલી કામગીરી અને વર્ષ ૨૦૨૬ માટેના લક્ષ્યાંકોની વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. આ ચર્ચામાં મુખ્યત્વે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારવા, મજૂરોની અછત સામે આધુનિક યાંત્રીકીકરણનો ઉપયોગ કરવા, નવીનતમ ટેકનોલોજીને ખેતર સુધી પહોંચાડવા અને જમીનમાં કાર્બનનું પ્રમાણ વધારવા માટે કચરો બાળવાને બદલે 'બાયો-ચાર' બનાવી જમીન સુધારણા કરવા જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. આ ઉપરાંત ખેતી પર વાતાવરણની અસરો અને ખેતી ખર્ચમાં ઘટાડો કરવા બાબતે પણ ગહન પરામર્શ થયો હતો.

આ પ્રસંગે યુનિવર્સિટીના વિસ્તરણ શિક્ષણ નિયામક ડો. એન. બી. જાદવ, બાજરા સંશોધન કેન્દ્રના વડા ડો. કે. ડી. મુંગરા તેમજ વિવિધ વિભાગના વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં જામનગર જિલ્લાના કૃષિ, બાગાયત, પશુપાલન, આત્મા, નાબાર્ડ અને અન્ય વિભાગના અધિકારીઓ સહિત જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોએ પણ હાજરી આપી હતી. કુલપતિ ડો. વી. પી. ચોવટીયાએ વૈજ્ઞાનિકોને ભલામણ કરી હતી કે ખેડૂતો નવી પાક જાતોથી વાકેફ થાય અને ખેતીમાં આવતા રોગ-જીવાતના ઉકેલ માટે નવી ટેકનોલોજી વાપરે તેવા પ્રયાસો કરવા જોઈએ.

ટંકારાના ગજડી ગામમાં કોપર કેબલ ચોરી કરનાર અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધાયો

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા તાલુકાના ગજડી ગામની સીમમાં આવેલી અલગ-અલગ વાડીઓમાંથી અજાણ્યા ચોર ઈસમે રાત્રિના સમયગાળામાં કોપર પટ્ટી કેબલ ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સામે આવ્યો છે. ત્યારે ફરિયાદના આધારે અંદાજે ૨૦૨૫ ફુટ કોપર પટ્ટી કેબલ વાયર, કિ.રૂ.૭૪,૯૨૫ની ચોરી અંગે ટંકારા પોલીસે આરોપી અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

ટંકારા તાલુકાના ગજડી ગામની સીમ વિસ્તારમાં ચોરીની ઘટના નોંધાઈ છે. આ અંગે વિનોદભાઈ હીરાભાઈ ડાંગર દ્વારા ફરિયાદ કરવામાં આવી છે. ફરિયાદ મુજબ, ગજડી ગામની સીમમાં આવેલી અલગ-અલગ વાડીઓમાંથી ગત તા.૦૩/૦૨/૨૦૨૬ના રાત્રિના આશરે ૧૧ વાગ્યાથી તા.૦૪/૦૨/૨૦૨૬ના સવારના ૬ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમ કોપર પટ્ટી કેબલ વાયર કાપી લઈ લઈ ગયો હોય, જેમાં ચોર દ્વારા કુલ અંદાજે ૨૦૨૫ ફુટ કોપર પટ્ટી કેબલ વાયર, જેની કિંમત આશરે કિ.રૂ.૭૪,૯૨૫ થાય છે, તે ચોરી કરવામાં આવી હતી. હાલ તંજરા પોલીસે અજાણ્યા ચોર ઈસમ સામે બી.એન.એસ. કલમ ૩૦૩(૨) મુજબ ગુનો નોંધી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે.

ઉદ્યોગના પ્રશ્નો અંગે મોરબી સિરામિક એસોસિએશનના હોદ્દેદારોની મુખ્યમંત્રી સાથે મુલાકાત

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રતિનિધિમંડળે ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા અને પૂર્વ કેબિનેટ મંત્રી મોહનભાઈ કુંડારિયાની સાથે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને મળીને સિરામિક ઉદ્યોગના વિવિધ પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ તમામ મુદ્દાઓ પર હકારાત્મક અભિગમ દાખવી તાત્કાલિક કાર્યવાહી માટે આશ્વાસન આપ્યુ હતું.

ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા, પૂર્વ કેબિનેટ મંત્રી મોહનભાઈ કુંડારિયા સાથે મોરબી સિરામિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશનના પ્રમુખ મનોજભાઈ એરવાડિયા, હરેશભાઈ બોપલિયા તથા પૂર્વ પ્રમુખ મુકેશભાઈ કુંડારિયાએ મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને સીએમ હાઉસ ખાતે રૂબરૂ મળીને સિરામિક ઉદ્યોગને લગતા પ્રશ્નોની વિગતવાર રજૂઆત કરી હતી. રજૂઆત દરમિયાન બાંધકામ ક્ષેત્રમાં ઉંચા જંત્રી દરોને કારણે જૂના સિરામિક પુનિટોની લે-વેચમાં ઊભી થતી મુશ્કેલીઓ અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું, જેમાં મુખ્યમંત્રીએ તાત્કાલિક નિરાકરણ આવે તે દિશામાં પગલા ભરવાની ખાતરી આપી હતી. ઉપરાંત, સિરામિક ક્લસ્ટરમાં અત્યાર સુધીમાં રૂ.૪૦૦ કરોડના ખર્ચે આશરે ૬૦ કિમીના ૫૫ ઈન્ટરનલ સીસી રોડ પૂર્ણ થયાની જાણ કરી, બાકી રહેલા ૧૫૩ સીસી રોડને વહેલી તકે મંજૂરી આપવા રજૂઆત કરાઈ હતી. આ અંગે મુખ્યમંત્રીએ સંબંધિત ફાઈલને તાત્કાલિક વર્ક ઓર્ડર આપવાનો હકારાત્મક અભિગમ દાખવ્યો હતો.

આ ઉપરાંત સ્વચ્છતા મુદ્દે સિરામિક ક્લસ્ટરમાં રોડ સફાઈ માટે છ રોડ-સ્વિપર ટ્રકની માંગણી પણ કરવામાં આવી હતી, જેમાં મુખ્યમંત્રીએ દરખાસ્ત પર ત્વરિત અને હકારાત્મક કાર્યવાહી કરવાની ખાતરી આપી હોવાનું એસોસિએશન દ્વારા જણાવવામાં આવ્યું છે.

ટંકારાના સરાયા ગામે ખેતરમાં પાણી પીવડાવવાના મુદ્દે ગાળો આપી ધમકી

મુખ્ય સમાચાર, મોરબી

ટંકારા તાલુકાના સરાયા ગામે ખેતરમાં તળાવના પાણીનો ઉપયોગ કરવા બાબતે વિવાદ ઊભો થતા ત્રણ શખ્સોએ ખેડૂતને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ છે. બનાવ અંગે પોલીસે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

ટંકારા તાલુકાના સરાયા ગણે રહેતા પ્રવીણભાઈ નારણભાઈ ઢેઢી ઉવ.૫૨એ આરોપી કાનાભાઈ લાખાભાઈ ગમારા, વિપુલભાઈ મોતીભાઈ ગમારા તથા છગનભાઈ લીંબાભાઈ ગમારા રહે.ત્રણેય સરાયા ગામ તા.ટંકારા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ફરિયાદી પોતાના ખેતરમાં તળાવમાંથી મોટર દ્વારા પાણી પીવડાવતા હતા, જે બાબત આરોપીઓ કાનાભાઈ લાખાભાઈ ગમારા, વિપુલભાઈ મોતીભાઈ ગમારા અને છગનભાઈ લીંબાભાઈ ગમારાને ગમતી ન હતી. આ બાબતે ગત તા.૨૨/૦૧/૨૦૨૫ના રોજ ત્રણેય આરોપીઓ ફરિયાદીના ખેતરે જઈ મોટર, લાઈન તથા વાયર ઉપાડી લેવાની ધમકી આપી, ગાળો ભાંડી અને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. હાલ સમગ્ર બનાવ અંગે ટંકારા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી ઘોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં ટ્રક વેચાણ કરાર બાદ છેતરપિંડીઃ છ્ઠ્ઠી બતાવી ટ્રક લઈ જવાની ફરિયાદ નોંધાઈ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં ટ્રક ખરીદીના નામે ગંભીર છેતરપિંડીનો બનાવ અણોક લેલેન્ડ કંપનીની ટ્રક માટે ૩.૪,૮૯,૦૦૦ રોકડા તેમજ ૩.૭૮,૫૦૦ના કુલ ૨૧ હપ્તા મળી ૩.૨૧ લાખથી વધુ રકમ ચૂકવ્યા છતાં વેચનાર દ્વારા છ્ઠ્ઠી બતાવી ટ્રક બળજબરીથી લઈ જવામાં આવી હોવાની ફરિયાદ નોંધાઈ છે. બનાવ દરમિયાન જાનથી મારી નાખવાની ધમકી અપાઈ હોવાનું પણ ફરિયાદમાં જણાવાયું છે. સમગ્ર મામલે પોલીસે વિશ્વાસઘાત, છેતરપિંડી અને ધમકી સહિતની કલમો હેઠળ ફરિયાદ નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ, ફરિયાદી ઘનશ્યામભાઈ દેવાભાઈ ઝરવલીયા ઉવ.૩૯ હાલ રફાળેશ્વર ચોકડી, મોરબી મૂળ ગામ એંજાર તા.ગ્રાંગધ્રા ખાતે રહે છે અને ટ્રક ટ્રાંઝિંગ કરીને ગુજરાન ચલાવે છે. વર્ષ ૨૦૨૩માં ફરિયાદીએ આરોપી ઈરફાનભાઈ ઈસ્માઈલભાઈ સમા રહે. ચંદ્રપુર વાંકાનેર પાસેથી અશોક લેલેન્ડ કંપનીની ટ્રક નં. જીજે-૧૪-એક્સ-૮૯૭૭ જેની કિ.રૂ.૩,૮૯,૦૦૦/- રોકડા ચુકવી ખરીદી કરી હતી તેમજ ટ્રકના કુલ ૪૫ હપ્તામાંથી ૨૧ હપ્તા રૂ.૭૮,૫૦૦ દરે ભર્યા હતા. ટ્રકની ખરીદી બાબતે નોટરી લખાણ પણ કરવામાં આવ્યું હતું. ત્યારે ગત તા.૦૬/૦૫/૨૦૨૫ના રોજ શ્રીરામ ટ્રાન્સપોર્ટના પાર્કિંગમાં આરોપી ઈરફાનભાઈ એક અન્ય શખ્સ સાથે આવી ફરિયાદીની પત્નીને છ્ઠ્ઠી બતાવી ધમકી આપી ટ્રકની ચાવી છીનવી ટ્રક લઈ ગયા હતા. ફરિયાદ મુજબ ટ્રક અને લોન ઈરફાનભાઈના નામે હોવા છતાં અસલ આર.સી બુક ફરિયાદી પાસે છે અને અત્યાર સુધી ભરેલા રૂ.૨૧ લાખથી વધુની રકમ કે ટ્રક પરત આપવામાં આવી નથી. આ અંગે ફરિયાદીએ વિશ્વાસઘાત, છેતરપિંડી અને જાનથી મારી નાખવાની ધમકી અંગે ફરિયાદ નોંધાવી છે. જેથી પોલીસે બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

હોળી પર્વ નિમિતે મોરબીમાં સ્ટોલ માટે મનપાની મંજૂરી પ્રક્રિયા જાહેર

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા દ્વારા હોળીના તહેવાર દરમિયાન શહેરમાં ખરીદી-વેચાણ સુગમ બનાવવા નિર્ધારિત સ્થળોએ સ્ટોલ મૂકવાની મંજૂરી આપવામાં આવશે. તેના માટે વેપારીઓ અને નાગરિકોએ મહાનગરપાલિકા કચેરીમાં લેખિત અરજી કરવી પડશે. અરજી સ્વીકારવાની અંતિમ તારીખ તા.૦૨/૦૩/૨૦૨૬ રાખવામાં આવી છે અને મંજૂરી વિના જાહેર જગ્યાએ વેપાર કરવો દંડનીય રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા હોળીના તહેવાર નિમિતે શહેરના નાગરિકો અને વેપારીઓને જાણ કરવામાં આવી છે કે તહેવારી વેચાણ માટે મહાનગરપાલિકા દ્વારા નિર્ધારિત સ્થળોએ સ્ટોલ મૂકવાની મંજૂરી આપવામાં આવશે. સ્ટોલ માટે ઇચ્છુક અરજદારોએ મહાનગરપાલિકા કચેરીમાં લેખિત અરજી કરવી પડશે અને અરજી સાથે ઓળખપત્ર, જરૂરી વ્યવસાય લાઇસન્સ (જો લાગુ પડે તો) તેમજ સ્ટોલની જગ્યાની વિગત જોડવાની રહેશે. અરજીઓની ચકાસણી બાદ મહાનગરપાલિકા દ્વારા મંજૂરી આપવામાં આવશે. મંજૂર થયેલ અરજદારોએ નક્કી કરેલ ફી ભરી રસીદ મેળવવાની રહેશે અને મંજૂરીની નકલ સ્ટોલ સ્થળે જાહેર રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

મહાનગરપાલિકાએ સ્પષ્ટ કર્યું છે કે મંજૂરી વિના જાહેર જગ્યાએ વેપાર કરવો દંડનીય રહેશે તેમજ ટ્રાફિક સંબંધિત નિયમોનું પાલન કરવું ફરજિયાત રહેશે.

મોરબીમાં ઘરવિહોણા માટે મુખ્યમંત્રી આવાસ યોજનામાં નવી અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી મહાનગરપાલિકા દ્વારા લીલાપર રોડ ખાતે આવેલી મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત EWS-I પ્રકારના ૩૩૬ આવાસોની પુનઃ ફાળવણી માટે નવી અરજીઓ સ્વીકારવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. વર્ષ-૨૦૧૭માં બનેલા ૪૦૦ આવાસનો રી-સર્વે કર્યા બાદ અયોગ્ય લાભાર્થીઓ, ખાલી રહેલા આવાસો તથા ચુકવણી અધૂરી હોય તેવા કેસોમાં આવાસ રદ કરી સરકારના નિયમો મુજબ ફરીથી જરૂરિયાતમંદ ઘરવિહોણા શહેરીજનોને ફાળવણી કરાશે. રસ ધરાવતા અરજદારોને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધીમાં મોરબી મહાનગરપાલિકાના આવાસ વિભાગમાં અરજી અને જરૂરી દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા ઘરવિહોણા શહેરીજનોને આવાસ સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે મુખ્યમંત્રી આવાસ યોજના અંતર્ગત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. લીલાપર રોડ ખાતે આવેલા સર્વે નંબર ૧૧૧૬ ની જમીન પર વર્ષ-૨૦૧૭માં યોજના હેઠળ કુલ ૪૦૦ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું હતું.

આ આવાસોના સમર્યાતરે ફિલ્ડ સર્વે દરમિયાન કેટલાક આવાસોમાં લાભાર્થી સિવાયના અન્ય આસામીઓ દ્વારા કબજો કરવામાં આવેલ હોવા, કેટલાક આવાસો કાયમી ઉપયોગમાં ન લેવાયેલા હોવા તેમજ કેટલાક કેસોમાં આવાસની સંપૂર્ણ રકમ ભરપાઈ ન થયેલી હોવાનું જણાયું હતું. આ તમામ બાબતોને ધ્યાનમાં રાખી મોરબી મહાનગરપાલિકા દ્વારા અગાઉ નિર્માણ થયેલા ૪૦૦ આવાસનો રી-સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. રી-સર્વેના આધારે નિયમ અનુસાર અયોગ્ય ઠરેલા આવાસોને રદ કરવાની પ્રક્રિયા કરી કુલ ૩૩૬ આવાસોને સક્ષમ કક્ષાની મંજૂરી અન્વયે રદ કરવામાં આવશે અને આ આવાસો માટે નવી અરજીઓ સ્વીકારવામાં આવશે.

નવી રીતે રજૂ થનાર અરજીઓ પર સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ જરૂરી તપાસ અને પ્રક્રિયા હાથ ધરી ૩૩૬ EWS-I પ્રકારના આવાસોની પુનઃ ફાળવણી કરવામાં આવશે. આથી મોરબી મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં વસવાટ કરતા જરૂરિયાતમંદ ઘરવિહોણા શહેરીજનોને આ યોજનાનો લાભ લેવા માટે આગળ આવવા મહાનગરપાલિકા દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. મોરબી મહાનગરપાલિકાની યાદી મુજબ, યોજનાનો લાભ મેળવવા ઇચ્છુક અરજદારોને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધીમાં મોરબી મહાનગરપાલિકા કચેરીના આવાસ વિભાગમાં અરજી સાથે જરૂરી સંલગ્ન દસ્તાવેજો જમા કરાવવાના રહેશે.

ઉનાના નાલીયા માંડવી ગામે એસ.એલ.આર કામગીરી સરપંચના પ્રતિનિધિની જાગૃતતાને કારણે સફળ રહી

સાડા ત્રણસો નામ ફોર્મ નંબર સાત રજૂ કરી અને ખોટી સહી કરી રજૂ કર્યા હતા, સરપંચના પ્રતિનિધિ રફીકભાઈ સુમરની જાગૃતિને લઈને બધા નામ ઉમેરાયા

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ - અબ્દુલ પઠાણ

ઉના તાલુકામાં એસ.એલ.આર કામગીરી ચાલુ છે અને જેમાં વિવાદમાં પણ આવી છે અને ગ્રામ્ય વિસ્તારના લોકોએ પણ આવેદનપત્ર પાઠવી અને રજૂઆતકરી છે અગાઉ નાંદરા ગામમાં પણ વિવાદ થયો હતો અને ત્યારે પણ આવેદનપત્ર પાઠવી અને રજૂઆત કરી હતી તાલુકાના મુસ્લિમ સમાજના આગેવાનોએ પણ રજૂઆત કરી છે પણ અહીં તાલુકાના નાલીયા માંડવી ગામના સરપંચના પ્રતિનિધિ રફિકભાઈ સુમરાની સૂઝબુજ કામ આવી અને સાડી ત્રણસો નામ બચાવીયા વાત જાણ એમ છે કે અબીયા જમાલ શેખ નામની અરજી ફોર્મ નંબર સાત માં ખોટી સહી કરી હતી પણ સરપંચ ના પ્રતિનિધિ રફિક ભાઈ સુમરા દ્વારા જેણે પણ ખોટી સહી કરી હતી તેનો સંપર્ક સાધીયો પણ તે વ્યક્તિ યુધીનો હતો તેઓએ જણાવ્યા



મુજબ કે મેં આમાં સહી નથી અને આ મારા નંબર કોણે નાખી દીધા એ મને ખબર નથી તેવું યુધીના વ્યક્તિએ કહ્યું ત્યારબાદ રફીકભાઈ સુમરાએ અધિકારીને બોલાવી કહ્યું આ બધા મોજૂદ છે બધા અહીં રહે છે તે વાત અધિકારી વાત કરતા સાડા ત્રણસો નામ ફરી ઉમેર્યા અને આ કામગીરી સફળ રહી અને સરપંચ પ્રતિનિ રફીકભાઈ સુમરાએ અધિકારીઓનો આભાર માન્યો

ઉનાના રામેશ્વર પાટિયા પાસે કાર-બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા એક યુવાનો મોત

ઉના સરકારી હોસ્પિટલે લાવતા ડોક્ટરે તેને મૃત જાહેર કરતા પરિવાર પર આભ ફાટ્યો

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ - અબ્દુલ પઠાણ

ઉનાના રામેશ્વરના પાટીયા કાર અને બાઈક વચ્ચે થયેલી ટક્કરમાં એક યુવાનનું ઘટનાસ્થળેજ મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એક યુવાન ગંભીર રીતે ઘાયલ થયો હતો. ઘાયલ યુવાનને તાત્કાલિક ઉનાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, મૃતક યુવાનનું નામ કિશન

ભુતભાઈ સોરઠિયા (રહે. કોડીનાર) છે. બાઈક પર સવાર અન્ય યુવાન ભાવેશ બાવજીભાઈ સોરઠિયા (ઉંમર ૩૦, રહે. ભાચા) ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો છે અને હાલ તેની સારવાર ચાલી રહી છે. આ અકસ્માત ભાવનગર રોડ પર રામેશ્વરના પાટિયા નજીક થયો હતો. પ્રાથમિક વિગતો મુજબ, રોંગ સાઈડમાં આવી રહેલા ડબલ સવારી બાઈક અને એક ઠોકો કાર વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. મૃતક કિશન અને ઈજાગ્રસ્ત ભાવેશકાકા-મોટાબાપાના ભાઈઓ થાય છે. તેઓ પરિવારમાં સગાઈના પ્રસંગે મીઠું મોઢું કરીને પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. અકસ્માતની જાણ થતાં જ મૃતક અને ઈજાગ્રસ્ત યુવાનના પરિવારજનો હોસ્પિટલ પહોંચી ગયા હતા. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. આ બનાવ બનતા મુસ્લિમ સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉના સરકારી હોસ્પિટલે પહોંચ્યા હતા

મોરબીના વાઘપરામાં વિદેશી દારૂની નાની મોટી ૮ બોટલ સાથે શખ્સ ઝડપાયો

મોરબી શહેરના વાઘપરા વિસ્તારમાં શેરી નં.૧૦ માં એક ઈસમ શંકાસ્પદ હાલતમાં ઉભેલ જણાઈ આવતા, એ ડિવિઝન પોલીસે તેને રોકી તેની પાસે રહેલ પ્લાસ્ટિકની થેલીની તલાસી લેતા તેમાથી વિદેશી દારૂની નાની મોટી કુલ ૮ બોટલ કિ.રૂ.૧,૪૪૦/- મળી આવી હતી. જેથી તુરંત આરોપી ભરતભાઈ સુરેશભાઈ સોનગ્રા ઉવ.૪૦ રહે.વાઘપરા શેરી નં.૧૦ વાળાની સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

બાંધકામ ક્ષેત્રે શ્રમિક-જીવનની વાસ્તવિક પરિસ્થિતિને ઉજાગર કરતી વિગતોના નિદર્શનનુ ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર ખાતે અનેરું આયોજન

મુખ્ય સમાચાર, રાજકોટ

ઈથોસ ફાઉન્ડેસન કે જે શૈક્ષણિક, પર્યાવરણીય, સામાજિક અને સાંસ્કૃતિક બાબતો અંગે દેશભરમાં જાગૃતિ ફેલાવતી પ્રવૃતિઓ ચલાવે છે. તેઓ પોતાની શ્રમ નામક ચળવળ અંતર્ગત બાંધકામ ના શ્રમિકોની આર્થિક, શારીરિક, માનસિક પરિસ્થિતિઓ અંગેનો સર્વગ્રાહી સર્વે કરી બહુઆયામી આકલન કરી બહુ ઉપયોગી વિગતો એકઠી કરે છે. જેમાં શ્રમિકોના ઘર, આવક, સ્થળાંતર, દૈનિક જરૂરિયાતો, પીવાના તથા ઉપયોગ માટેના પાણી, વીજળી, શૌચાલય, સંતાનોના શિક્ષણ, સ્વાસ્થ્ય, શ્રમિક-કાયદાઓની વાસ્તવિક સ્થિતિ ઉજાગર કરતી વિગતોની પ્રાપ્તી કરે છે. આ રસપ્રદ તથ્યોની વિગતોનું વી.વી.પી.સંચાલિત ઈન્દુભાઈ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર દ્વારા ઈથોસ ફાઉન્ડેસનના સહકાર થકી ભાવી આર્કિટેકટસ એવા વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકો સમક્ષ નિદર્શન કરવામાં આવેલ હતું તેમજ તારીખ ૦૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ સવારે ૯ થી સાંજે ૪ વાગ્યા દરમ્યાન ઈપ્સા-એક્ઝિબિસન સ્ટુડીઓ, ઈપ્સા કેમ્પસ, વાજડી-વીરડા,કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦૦૦૫ ખાતે શ્રમિકોની એક-દિવસીય કાર્યશાળાના આયોજન થકી બાંધકામ શ્રમિકોની બહેતર જીવન-સ્થિતિ અર્થેની તાલીમ એવમ જન-જાગૃતિનું સફળ અભિયાન ચલાવવામાં આવેલ છે.

બાંધકામ શ્રમિકોના જીવનના સર્વગ્રાહી આકલન, તથા શ્રમિક કાર્યશાળા થકી સ્થાપત્યકળા સંલગ્ન બહુ ઓછા જાણીતા એવા આ પાસા અંગે સ્થાપત્યકલાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, આર્કિટેક્ટસ, બિલ્ડર્સ, તેમજ જનસામાન્યમાં જાગૃતિ તેમજ શ્રમિકોની બહેતર જીવન સ્થિતિની મુહિમનું ઈન્દુભાઇ પારેખ સ્કૂલ ઓફ આર્કિટેક્ચર દ્વારા ઈથોસ ફાઉન્ડેશનના સહકાર થકી સફળ આયોજન કરવામાં આવેલ હતું.

ઓખા--ભાવનગર--ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં ચાર મહિના સુધી વધારાના થર્ડ એસી કોચની સુવિધા

મુખ્ય સમાચાર, રાજકોટ

મુસાફરોની સુવિધાને ધ્યાનમાં રાખીને રેલવે પ્રશાસન દ્વારા ઓખા-ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનોમાં ચાર મહિનાના સમયગાળા માટે એક વધારાના થર્ડ એસી કોચની હંગામી વ્યવસ્થા કરવામાં આવી છે. જેની વિગતો નીચે મુજબ છે

ટ્રેન સંખ્યા ૧૯૨૧૦/૧૯૨૦૯ ઓખા-ભાવનગર-ઓખા એક્સપ્રેસમાં ઓખા સ્ટેશનથી તારીખ ૦૬ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૦૧ જૂન ૨૦૨૬ સુધી અને ભાવનગર ટર્મિનસથી તારીખ ૦૫ ફેબ્રુઆરી ૨૦૨૬ થી ૩૧ મે ૨૦૨૬ સુધી એક વધારાનો થર્ડ એસી કોચ જોડવામાં આવશે. રેલવે પ્રશાસનના આ નિર્ણયથી વ્યસ્ત સમય દરમિયાન મુસાફરોને સીટની ઉપલબ્ધતામાં રાહત મળશે અને મુસાફરી વધુ સુવિધાજનક બનશે.

ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ, રૂટ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે મુસાફરો www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લઈ શકે છે.

વાંકાનેરમાં ગેરકાયદેસર ડીઝલ હેરફેરનો પર્દાફાશ, બે આરોપી ઝડપાયા

વાંકાનેર સીટી પોલીસે ૨૭૦૦ લીટર ડીઝલ, બોલેરો સહિત ૯.૭૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

મુખ્ય સમાચાર, મોરબી

વાંકાનેર સીટી પોલીસ દ્વારા વાંકાનેર-ચોટીલા હાઈવે રોડ ઉપર મીના રીફેક્ટરીઝના લેબર ક્વાર્ટર પાસે ગેરકાયદેસર રીતે ડીઝલ સંગ્રહ અને હેરફેર થતી હોવાની બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસે દરોડા દરમિયાન બોલેરો પીકઅપ મારફતે લાયસન્સ વિના ડીઝલની હેરફેર અને કારખાનામાં આગ સલામતીના સાધનો વિના સંગ્રહ થતો હોવાનું બહાર આવ્યું. પોલીસે અંદાજે રૂ. ૯.૭૨ લાખનો મુદામાલ કબ્જે કરી બે આરોપીઓને અટકાયત કરી છે.

વાંકાનેર સીટી પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન ખાનગીરાહે બાતમી મળી કે, વાંકાનેર-ચોટીલા હાઈવે પર આવેલ મીના રીફેક્ટરીઝ કારખાનાની પાછળના ભાગે લેબર ક્વાર્ટર પાસે ગેરકાયદેસર રીતે ડીઝલનો મોટો જથ્થો સંગ્રહ કરી તેની હેરફેર તથા વેચાણ કરવામાં આવી રહ્યું છે. બાતમીના આધારે પોલીસે દરોડો કરી સ્થળ ઉપર જ્યાં બોલેરો પીકઅપ વાહન રજી. નં. જીજે-૦૩-બીડબલ્યુ-૩૦૭૮ પાસે બે ઇસમો ડીઝલ ભરવા માટે પાઈપ મારફતે અન્ય ટાંકીઓમાં શંકાસ્પદ જવલનશીલ પ્રવાહી ટ્રાન્સફર કરતા મળી આવ્યા હતા. બોલેરો પીકઅપ વાહનમાં ખાસ રીતે બનાવેલી ટાંકી તેમજ એમ.પી.ડી. (મીટર ફ્યુઅલિંગ ડિસ્પેન્સર) મશીન લગાવવામાં આવેલ હોવાનું બહાર આવ્યું હતું, જેના માધ્યમથી ડીઝલની ગણતરીપૂર્વક હેરફેર કરવામાં આવતી હતી. આરોપીઓની પૂછપરછમાં પોતાનું નામ ભીમસિંગ કુપસિંગ રાજપૂત ઉવ.૩૧ રહે. હાલ એસ.કે. પેટ્રોલીયમ પંચાસર રોડ પાસે

ભાડાની ઓરડીમાં વાંકાનેર મૂળરહે. ભૈરૂખેડા આમનેર તા. ભીમ જી.રાજસમદ રાજસ્થાન અને ભાઈખાન ઇબ્રાહીમખાન સંધી ઉવ.૨૨ રહે.હાલ મીના. રીફેક્ટરીઝ વાંકાનેર હાઇવ રોડ મૂળરહે.પીપાડનગર સીંધીપુરા જી.જોધપુર રાજસ્થાન હોવાનું જણાવ્યું હતું. બંને આરોપીઓ પાસે ડીઝલ સંગ્રહ, હેરફેર કે વેચાણ માટે કોઈપણ પ્રકારનું લાયસન્સ કે આધાર પુરાવા ન હોવાનું સ્પષ્ટ થયું હતું. વધુ તપાસમાં મીના રીફેક્ટરીઝ કારખાનામાં પણ લોખંડના સ્ટેન્ડ ઉપર બે પ્લાસ્ટિક ટાંકીઓમાં ડીઝલ સંગ્રહ કરેલો મળી આવ્યો હતો, જ્યાં આગ સલામતી માટે કોઈપણ સાધનો ઉપલબ્ધ ન હતા, જે જાહેર સલામતી માટે ગંભીર જોખમરૂપ હતું. આ સાથે પોલીસે સ્થળ ઉપરથી ૨૭૦૦ લીટર ડીઝલ, બોલેરો પીકઅપ વાહન, એમ.પી.ડી. મશીન, ડીઝલ સપ્લાય પાઈપ, પ્લાસ્ટિક ટાંકીઓ, મોબાઈલ ફોન સહિત કુલ અંદાજે રૂ.૯.૭૨ લાખનો મુદામાલ કબ્જે કર્યો હતો. આ સમગ્ર મામલે વાંકાનેર સીટી પોલીસે આરોપીઓ વિરુદ્ધ આવશ્યક ચીજવસ્તુ ધારાની કલમ તેમજ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી પોલીસે બંને આરોપીઓની અટકાયત કરી આગળની તપાસ હાથ ધરી છે અને ડીઝલ ક્યાંથી લાવવામાં આવ્યું હતું તથા ક્યાં સપ્લાય થતું હતું તે અંગે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

રાજકોટમાં અનઅધિકૃત સફેદ LED હેડલાઇટ ધરાવતા વાહનો સામે RTO અને પોલીસની કડક કાર્યવાહી

૨ લાખનો દંડ વસુલાયો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જિલ્લામાં વાહનોમાં અનઅધિકૃત રીતે અતિ તીવ્રતાવાળી સફેદ LED હેડલાઇટ લગાડનાર વાહનચાલકો સામે કાર્યવાહી કરવા પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની કચેરી, રાજકોટ તથા રાજકોટ શહેર અને જિલ્લા પોલીસ દ્વારા સંયુક્ત રીતે સ્પેશિયલ ચેકિંગ ડ્રાઇવ હાથ ધરવામાં આવી છે. જેમાં ગત તા. ૨૪ જાન્યુઆરીના રોજ વિવિધ માર્ગો પર સઘન ચેકિંગ કરી નિયમ વિરુદ્ધની લાઈટો ધરાવતા કુલ ૩૫ વાહનચાલકો સામે કેસ નોંધી, કુલ ૨ લાખનો દંડ વસૂલવામાં આવ્યો છે. આ પ્રકારની સ્પેશિયલ ડ્રાઇવ આગામી સમયમાં પણ સતત ચાલુ રહેશે. ભવિષ્યમાં જો કોઈ વાહનમાં અનઅધિકૃત તથા અતિ તીવ્ર સફેદ LED લાઈટો લગાવવામાં આવી હોવાનું જણાશે, તો તેના વિરુદ્ધ કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટ દ્વારા જણાવાયું છે.

રાજકોટ જિલ્લામાં ૮ ફેબ્રુઆરી સુધીમાં સુકું અને ચોખ્ખું હવામાન રહેવાની શક્યતા

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ જિલ્લામાં ૮ ફેબ્રુઆરી સુધીમાં સુકું તથા ચોખ્ખું હવામાન રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારત સરકારના હવામાન ખાતા તરફથી મળેલી માહિતી અનુસાર જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ગ્રામીણ કૃષિ મોસમ સેવા વિભાગ, તરઘડીયા દ્વારા આ આગાહી જારી કરવામાં આવી છે.

આ સમયગાળામાં દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૨થી ૩૪ ડિગ્રી જ્યારે લઘુતમ તાપમાન રાત્રિ તાપમાન ૧૬-૧૮ ડિગ્રી જેટલું રહેવાની સંભાવના છે. મહત્તમ ભેજનું પ્રમાણ ૪૪-૫૨ ટકા તથા લઘુતમ ભેજનું પ્રમાણ ૧૪-૨૩ ટકા રહી શકે છે. પવનની દિશા ઈશાન અને ઉત્તરની રહેવાની અને પવનની ઝડપ ૧૧થી ૧૫ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

સમાચાર સંક્ષીપ્તમાં

શહેર માર્ગ સલામતી સમિતિની બેઠક

પોલીસ કમિશનર, રાજકોટ શહેરના અધ્યક્ષસ્થાને શહેર માર્ગ સલામતી સમિતિની બેઠકનું આયોજન પોલીસ કમિશનરની કચેરીના કોન્ફરન્સ હોલ ખાતે તા.૧૭-૦૨-૨૦૨૬ના રોજ ૧૧૩૦ કલાકે કરવામાં આવ્યું છે. જેમાં સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને સમયસર ઉપસ્થિત રહેવા મ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી રાજકોટ દ્વારા જણાવાયું છે.

રાજકોટ ખાતે કલાસરલા રૂપે અનોખું કલા પ્રદર્શન યોજાયું

ઇન્ડિયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ, રાજકોટ દ્વારા સરલાદેવી મઝુમદાર (૧૯૧૧-૨૦૦૧)ના ચિત્રોના વિશેષ પ્રદર્શન કલાસરલા શ્યામાપ્રસાદ મુખર્જી આર્ટ ગેલેરી, રેસકોર્સ, રાજકોટ ખાતે યોજાયું હતું. આ પ્રદર્શન દરમિયાન વિદ્વાન વિચારકો, કલાકારો તથા સરલાદેવી મજુમદારના પરિવારજનો સાથે સંવાદ કાર્યક્રમો યોજાયા હતા.જેમાં કલાના માધ્યમથી ભૂતકાળ અને વર્તમાન વચ્ચે સંગમ રચાયો હતો.

મોરબીના આલાપ રોડ ઉપર પીધેલી હાલતમાં બે બિયર સાથે કાર ચાલક વેપારીની અટક

મોરબી સીટી એ ડિવિઝન પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન આલાપ રોડના નાલા પાસે કાર રજી. નં. જીજે-૩૬-એપી-૬૬૪૪ નો ચાલક નશો કરેલી હાલતમાં પોતાની કાર સર્પાકાર રીતે ચલાવી નીકળતા તેને રોકી, પોલીસે કારની તલાસી લેતા તેમાથી બિયર ટીન બે નંગ કિ.રૂ.૨૪૦ મળી આવી હતી. જેથી પોલીસે કાર ચાલક આરોપી હિતેશભાઈ પ્રેમજીભાઈ અઘારા ઉવ.૪૫ રહે.રવાપર રોડ જલારામ સોસાયટી મોરબી વાળાની અટક કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ બે અલગ અલગ ગુના નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં સીરામીક સીટી મેઈન રોડ ઉપરથી ઈંગ્લીશ દારૂની ૨ બોટલ સાથે એક પકડાયો

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં સીરામીક સીટી મેઈન રોડ ઉપરથી એક શખ્સ વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બે બોટલ કિ.રૂ.૩,૧૦૦/- સાથે મળી આવતા તુરંત બી ડિવિઝન પોલીસે આરોપી કુલદીપસિંહ નરેન્દ્રસિંહ ઝાલા ઉવ.૨૮ રહે. પંચાસર ગામ તા.મોરબી વાળાની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મોરબીના સર્કિટ હાઉસ સામે રોડ ઉપરથી પાંચ નંગ ચપલા સાથે બુટલેગરની અટક

મોરબીના સામાકાંઠા વિસ્તારમાં સર્કિટ હાઉસ સામે રોડ ઉપરથી આરોપી દિનેશભાઇ સોમાભાઈ પુરબીયા ઉવ.૩૭ રહે. સર્કિટ હાઉસ સામે મફતીયાપરા મોરબી-૨ વાળાને મોરબી સીટી બી ડિવિઝન પોલીસ ટીમ દ્વારા વિદેશી દારૂ ૮ પીએમ વ્હિસ્કીના પાંચ ચપલા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. આ સાથે પોલીસે આરોપી પાસેથી વિદેશી દારૂનો જથ્થો જપ્ત કરી તેની વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસની તજવીન હાથ ધરી છે.

વાંકાનેર જીનપરામાં યુવાને ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

વાંકાનેર શહેરના જીનપરા શેરી નં.૧૩ વિસ્તારમાં ૨૫ વર્ષીય યુવાને ઘરમાં ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. વાંકાનેર સીટી પોલીસે અપમૃત્યુ અંગે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે. વાંકાનેર સીટી પોલીસ સ્ટેશનમાં અ.મોતની નોંધ અંગેની પ્રાપ્ત વિગત મુજબ, ગણપતભાઈ વિરજીભાઈ કુમખાણીયા ઉવ.૨૫ રહે. જીનપરા શેરી નં.૧૩ વાંકાનેર વાળા પોતે ઘરે એકલા હતા ત્યારે તેમણે ઘરના રૂમમાં પંખા સાથે ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. બનાવની જાણ થતાં તેમને વાંકાનેર સરકારી હોસ્પિટલ લઈ જવાયા હતા, જ્યાં હાજર ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા.

માળીયા(મી)ના મોટા દહીંસરા ગામે વોકળાના કાંઠે ૧૬૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો આથો ઝડપાયો

માળીયા(મી) તાલુકાના મોટા દહીંસરા ગામે તરીયું સીમમાં વોકળા કાંઠે આરોપી જગતસિંહ જયુભા જાડેજા રહે. મોટા દહીંસરા વાળો દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવે છે, જે મુજબની બાતમીને આધારે માળીયા(મી) પોલીસે ઉપરોક્ત સ્થળે રેઇડ કરી હતી, જ્યાંથી પોલીસે ૧૬૦૦લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો કિ.રૂ.૪૦,૦૦૦/- ઝડપાયો હતો. આ સાથે પોલીસે આરોપીને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પ્રોહી. એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીમાં પ્રેમલગ્નનો ખાર રાખી યુવતીના પિતા સહિત ત્રણ શખ્સોએ યુવકનું અપહરણ કરી માર માર્યો

મુખ્ય સમાચાર, મોરબી

મોરબીમાં પ્રેમલગ્ન કર્યાનો ખાર રાખી યુવતીના પિતા સહિત ત્રણ શખ્સોએ યુવક પર હુમલો કરી તેને બળજબરીથી કારમાં બેસાડી અપહરણ કર્યું હોવાનો બનાવ સામે આવ્યો છે. હુમલામાં યુવકના હાથમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજા થતા સારવાર માટે સરકારી દવાખાને ખસેડાયો છે. બનાવ અંગે પોલીસે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર, ફરિયાદી બિન્ટુભાઈ રજનીકાંતભાઈ ગામી ઉવ.૨૬ રહે. મહેન્દ્રનગર ગામ કાનાબાપાના પ્લોટમાં મોરબી-૨ મૂળ રહે. બિલિયા ગામ તા.જી.મોરબી વાળાએ આરોપી શૈલેષભાઇ જસમતભાઈ, અજયભાઈ તથા અનિલભાઈ એમ ત્રણ આરોપીઓ વિરુદ્ધ તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યા અનુસાર, ફરિયાદી બીન્ટુભાઇ અને આરોપી શૈલેષભાઈની દીકરી વચ્ચે પ્રેમસબંધ હતો અને બંનેએ તા.૨૨/૦૧/૨૦૨૬ના રોજ કોર્ટ મેરેજ કર્યા હતા, જે વાત યુવતીના પિતાને ગમી ન હોય જેથી તેનો ખાર રાખી ગઈકાલ તા.૦૪/૦૨ ના રોજ ધુંટુ ગામની સીમમાં નર્મદા કેનાલ પાસે ટાઈલ્સ કટીંગના કારખાને કાળા કલરની ક્રેટા કાર નં. જીહે-૩૬-એસી-૭૮૨૨ માં ઉપરોક્ત ત્રણેય આરોપીઓ ટાઈલ્સ જોવાના બહાને કારખાનાના સેડમાં પ્રવેશ કર્યા બાદ ત્રણેયે લાકડાના ધોકા કાઢી ફરિયાદી પર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને હાથના કાંડાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જ્યારે છોડાવવા વચ્ચે પડેલ ફરિયાદીના પાર્ટનરને પણ માર મારવામાં આવ્યો હતો. ત્યારબાદ ત્રણેય શખ્સોએ ફરિયાદીને બળજબરીથી કારમાં બેસાડી મહેન્દ્રનગર ચોકડી સુધી લઈ ગયા હતા અને મોબાઈલ ફોન તથા રોકડ રકમ પણ કારમાં જ રાખી લીધી હતી. બાદમાં ફરિયાદીના ઘરે લઈ જઈ તેમના મમ્મીને અને તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. હુમલામાં ઈજાગ્રસ્ત ફરિયાદીને મોરબી સરકારી દવાખાને ખસેડવામાં આવ્યો હતો, જ્યાં એક્સ-રેમાં જમણા હાથમાં ફ્રેક્ચર અને શરીરે ઈજાઓ થયાનું સામે આવ્યું છે. હાલ તાલુકા પોલીસે આરોપીઓ વિરુદ્ધ બીએનએસની વિવિધ ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબીના મણીમંદિરના પટાંગણમાં પાંચ દિવસીય ભવ્ય પુસ્તક મેળાનું આયોજન

મુખ્ય સમાચાર, મોરબી

મોરબી શહેરના હાર્દસમા રાણીબાગ સ્થિત મણી મંદિરના પટાંગણમાં મોરબી મહાનગરપાલિકા દ્વારા પ્રથમવાર ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. નાગરિકોમાં વાંચનની આદત વિકસે તે હેતુથી આયોજિત આ પુસ્તક મેળો તા.૦૭/૦૨/૨૦૨૬ થી ૧૧/૦૨/૨૦૨૬ સુધી પાંચ દિવસ યોજાશે, જેમાં કુલ ૧૯ સ્ટોલો રહેશે.

મોરબી મહાનગરપાલિકા દ્વારા શહેરના નાગરિકોમાં વાંચનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવા અને જ્ઞાનનો વિસ્તાર કરવા માટે ઐતિહાસિક અને ધાર્મિક મહત્ત્વ ધરાવતા મણીમંદિરના પટાંગણ, રાણીબાગ ખાતે પ્રથમવાર ભવ્ય પુસ્તક મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ પુસ્તક મેળો તા.૦૭/૦૨/૨૦૨૬ થી ૧૧/૦૨/૨૦૨૬ સુધી સવારના ૧૦ વાગ્યાથી રાત્રિના ૯ વાગ્યા સુધી યોજાશે. પુસ્તક મેળામાં કુલ ૧૯ સ્ટોલો દ્વારા સાહિત્ય, શિક્ષણ, પ્રેરણા, નવલકથા, બાળસાહિત્ય સહિત વિવિધ વિષયોના પુસ્તકો ઉપલબ્ધ રહેશે. બાળકો, યુવાનો, વિદ્યાર્થીઓ અને વડીલો સહિત તમામ વાચક વર્ગ માટે આ મેળો આકર્ષણનું કેન્દ્ર બનશે. મોરબી મહાનગરપાલિકાએ તમામ નાગરિકોને પરિવાર સહીત ઉપસ્થિત રહી આ પુસ્તક મેળાનો લાભ લેવા હાર્દિક આમંત્રણ પાઠવ્યું છે.

Dy.SPની ઓફિસ બહાર પોરબંદરના નિડર પત્રકાર ઓમ જોષી પર હુમલો

ખનીજ ચોરીના અહેવાલોથી ખાર રાખી ત્રણ શખ્સોએ કર્યો હુમલો હોવાનો આક્ષેપ

મુખ્ય સમાચાર, પોરબંદર

જિલ્લામાં ગેરકાયદે પ્રવૃતિઓ અને ખનીજ ચોરી જેવા મુદ્દાઓને સતત બહાર લાવનાર પોરબંદરના જાણીતા અને નિડર પત્રકાર ઓમ જોષી પર આજે સાંજે ગ્રામ્ય કચેરી બહાર તથા કલેક્ટર કચેરીના પાર્કિંગ વિસ્તારમાં હુમલાની ગંભીર ઘટના સામે આવી છે. માહિતી મુજબ, ત્રણ અજાણ્યા શખ્સોએ પત્રકાર ઓમ

જોષીને રોકી "તું ખનીજ ચોરી અંગેના અહેવાલો કેમ પ્રસિદ્ધ કરે છે? આજે તો તને જાનથી મારી નાખવો છે" તેવી ધમકીભરી ભાષા વાપરી તૂટી પડ્યા હોવાનો આક્ષેપ છે. અચાનક થયેલા આ હુમલામાં તેઓને ઇજા પહોંચી હોવાનું જાણવા મળે છે. ઘટનાની જાણ થતા જ પત્રકાર સમાજમાં ભારે રોષ ફેલાયો હતો. મોટી સંખ્યામાં પત્રકારો હોસ્પિટલ પહોંચ્યા હતા અને બનાવની કડક નિંદા કરી હતી. પત્રકારો પર થતા હુમલાઓ લોકશાહી માટે ખતરાનાં સંકેત હોવાનું પણ પત્રકાર અગ્રણીઓએ જણાવ્યું હતું.

હુમલાની આ ઘટનાએ કાયદો અને વ્યવસ્થા પર પ્રશ્નચિહ્ન ઉભું કર્યું છે. પત્રકાર પર થયેલા આ હુમલાને લઈને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠી રહી છે. કમલાબાગ પોલીસ દ્વારા બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

જસદણ નગરપાલિકા ના પ્રમુખની અધ્યક્ષતામાં બોલાવેલી સામાન્ય સભામાં વિકાસના કામોનો ધમધમાટ: તમામ ૧૫ એજન્ડા સર્વાનુમતે મંજુર

મુખ્ય સમાચાર, જસદણ
અહેવાલ – બીજલ ભેંસજાળીયા

જસદણ નગરપાલિકા ખાતે પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણીના અધ્યક્ષસ્થાને સામાન્ય સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શહેરના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખીને રજૂ કરવામાં આવેલા તમામ ૧૫ એજન્ડાઓને સત્તાધારી પક્ષ અને વિપક્ષના સભ્યો દ્વારા સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.

આ સામાન્ય સભાની ખાસ વિશેષતા એ રહી હતી કે ભાજપ, કોંગ્રેસ અને અપક્ષના તમામ સદસ્યોએ જનહિતના કામો માટે એકસૂત્રતા દાખવી હતી. રજૂ કરવામાં

આવેલા ૧૫ મુદ્દાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કર્યા બાદ, શહેરના પ્રશ્નોના નિરાકરણ અને વિકાસલક્ષી આયોજનોને મંજૂરી આપવામાં આવી હતી.

આ બેઠકમાં રાજ્યના કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ નગરપાલિકાના વહીવટ અને વિકાસ કાર્યો અંગે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ તકે નગરપાલિકાના વિવિધ સમિતિના પદાધિકારીઓ પણ હાજર રહ્યા હતા, જેમાં પી.વી. ભાયાણી(ચેરમેન, આયોજન સમિતિ), કાજલબેન પ્રવીણભાઈ ઘોડકીયા(ચેરમેન, કારોબારી સમિતિ), બીજલભાઈ ભેંસજાળીયા(સદસ્ય) તથા અન્ય ચુંટાયેલા સભ્યો અને નગરપાલિકાના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સભાના અંતે પ્રમુખ જીતેન્દ્રભાઈ છાયાણીએ જણાવ્યું હતું કે, તમામ સદસ્યોના સહકારથી આજે જસદણના વિકાસ માટેના મહત્વના કામોને મંજૂરી મળી છે, જે આગામી સમયમાં શહેરની સુખાકારીમાં વધારો કરશે.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં અજાણ્યા અને બિનવારસુ દર્દીઓ માટે આશીર્વાદ સમાન બની હેલ્પ ડેસ્ક ટીમ

મુખ્ય સમાચાર, રાજકોટ

અજાણ્યા, બિનવારસુ અને અવગણના ભોગ બનતા દર્દીઓ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ આજે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે. અહીં કાર્યરત હેલ્પ ડેસ્ક ટીમ ચોવીસ કલાક સેવા આપીને આવા દર્દીઓની સારવાર, સંભાળ અને પુનર્વસનની જવાબદારી માનવતાપૂર્વક નિભાવે છે.

આવી જ એક પ્રેરણાદાયક ઘટના ગોંડલ શહેરના રહેવાસી દર્દી કૌશરબાનું ઈબ્રાહીમભાઈ સાથે બની છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી કેન્સરની ગંભીર બીમારીથી પીડિત હતા. અગાઉ તેમનું સફળ ઓપરેશન પણ થઈ ચૂક્યું હતું, પરંતુ સમય જતાં ફરી ગભરામણ, કમજોરી અને અન્ય તકલીફો શરૂ થતા તેમની તબિયત બગડવા લાગી હતી.

પરિસ્થિતિ ગંભીર બનતા તેમને ગોંડલ સિવિલ હોસ્પિટલમાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. દર્દીના ઘરે પરિવાર હોવા છતાં તેમની યોગ્ય દેખભાળ થતી ન હતી, જેના કારણે તેઓ માનસિક અને શારીરિક રીતે વધુ નબળા બની ગયા હતા.

રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તેમને મેડિસિન વોર્ડ નંબર સાતમાં દાખલ કરવામાં આવ્યા. અહીં એ.પી. ડૉ. મેઘાવી બપલ, રેસિડેન્ટ ડૉ. પાર્થ તથા ડૉ. પ્રિયંકા દ્વારા સતત દેખરેખ

હેઠળ સારવાર આપવામાં આવી. તબીબોની ટીમે સંપૂર્ણ સમર્પણ અને સંવેદનશીલતા સાથે દર્દીની સારવાર કરી, દવાઓ, તપાસો અને કાઉન્સેલિંગ દ્વારા તેમની તબિયત ધીમે ધીમે સુધારવામાં આવી.

લાંબા સમયની સારવાર અને કાળજી બાદ કૌશરબાનું સંપૂર્ણપણે સ્વસ્થ બન્યા. તેમની તબિયતમાં નોંધપાત્ર સુધારો જોવા મળતા તબીબોએ તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ કરવાની મંજૂરી આપી. જોકે, પરિવાર તરફથી કોઈ જવાબદારી લેવામાં ન આવતા તેમના ભવિષ્ય અંગે પ્રશ્ન ઊભો થયો હતો.

આ સમયે રાજકોટ સિવિલ હોસ્પિટલની હેલ્પ ડેસ્ક ટીમે મહત્વની ભૂમિકા ભજવી. દર્દીના પુનર્વસન માટે આશ્રયની વ્યવસ્થા કરવા માટે સતત પ્રયાસો કરવામાં આવ્યા. અંતે તેમને આશ્રય માટે સુરેન્દ્રનગર સ્થિત નિરાંત ઘર આશ્રમમાં મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો.

આ સમગ્ર વ્યવસ્થામાં રાજકોટ સિવિલ હોસ્પિટલના મેડિકલ સુપરિન્ટેન્ડેન્ટ ડૉ. મોનાલીબેન માકડિયા, આર.એમ.ઓ. તથા હેલ્પ ડેસ્કના નોડલ ઓફિસર ડૉ. હર્ષદ દૂસરા, તેમજ એચ.આર. મેનેજર ભાવનાબેન સોનીના માર્ગદર્શન હેઠળ હેલ્પ ડેસ્ક ટીમ કાર્યરત છે અને ડોક્ટરો તથા સિવિલ હોસ્પિટલના બધા વર્ગોના કર્મચારીઓના સહયોગથી સમગ્ર પ્રક્રિયા સફળ બની. સિવિલ હોસ્પિટલની એમ્બ્યુલન્સ દ્વારા દર્દીને સુરક્ષિત રીતે આશ્રમ સુધી પહોંચાડવામાં આવ્યા.

નિરાંત ઘર આશ્રમમાં હવે દર્દીને રહેવા, ભોજન, દવા અને સંભાળની તમામ સુવિધાઓ ઉપલબ્ધ રહેશે, જેથી તેઓ શાંતિપૂર્ણ અને સુરક્ષિત જીવન જીવી શકે.

આ ઘટના રાજકોટ સિવિલ હોસ્પિટલની માનવતાભરી કામગીરીનું ઉત્તમ ઉદાહરણ છે. અહીં માત્ર સારવાર પૂરતી મર્યાદા નથી, પરંતુ સમાજના ત્યજાયેલા, અજાણ્યા અને બિનવારસુ દર્દીઓ માટે નવી આશા અને જીવનનો આધાર બની રહી છે.

હેલ્પ ડેસ્ક ટીમ, તબીબી સ્ટાફ અને પ્રશાસન દ્વારા કરવામાં આવતું આ સેવાકાર્ય સમાજ માટે પ્રેરણારૂપ છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ આજે માત્ર એક સારવાર કેન્દ્ર નહીં, પરંતુ માનવતા, સેવા અને કરુણાનું પ્રતિક બની ગઈ છે.

ઉનાના ખઢેરા ગામે સાત દંપતિઓએ પ્રભુતામાં પગલા પાડ્યા

મુખ્ય સમાચાર, ઉના
અહેવાલ – અબ્દુલ પઠાણ

ઉના તાલુકાના ખઢેરા ગામે કોળી સમાજ સમિતિ દ્વારા પ્રથમ સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું જેમાં સાત દંપતિઓએ પ્રભુતાના પગલા પડ્યા આ સમૂહ લગ્નમાં ખઢેરા ગામના સરપંચ નસીમા બેન સુમરા તેમજ તેમના રફિકભાઈ સુમરા તેમજ જુનાગઢ જિલ્લા તેમજ ગીર સોમનાથ જિલ્લા કોળી સેનાના

પ્રમુખ દીપાબેન બાંભણીયા દ્વારા નલીયા માંડવી તેમજ ખઢેરા ગામના સરપંચ નસીમાબેન સુમરાનું સન્માન કરવામાં આવ્યું તેમજ નવાબંદરના સરપંચના પ્રતિનિધિ સોમવારભાઈ હાજર રહ્યા હતા કોળી સમાજના આગેવાનો ગ્રામ પંચાયતના સભ્યો તેમજ સ્થાનિક આગેવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને આ સમૂહ લગ્ન ઉત્સવમાં ખૂબ ધૂમધામ પૂર્વક ઉજવાયો હતો

ઉંચા વ્યાજે નાણા આપી લોકોની માલ મીલ્કત પડાવી લેતો ખીરસરાનો વ્યાજખોર પાસામાં ધકેલાયો

વ્યાજખોર વિજય રત્નોતર રોકડમાં વ્યાજ પડાવ્યાં બાદ વાહનો અને દાગીના પણ પડાવી ધમકી આપતો, મહેસાણા જેલ હવાલે કરાયો મેટોડા પોલીસની કામગીરી

મુખ્ય સમાચાર, રાજકોટ

૧૦ ટકા વ્યાજે રૂપીયા આપી મિલકત પડાવી લેતો ખીરસરાનો વ્યાજખોર પાસામાં મહેસાણા જેલમાં ધકેલાયો હતો. વ્યાજખોર વિજય રત્નોતર રોકડમાં વ્યાજ પડાવ્યાં બાદ વાહનો અને દાગીના પણ પડાવી ધમકી આપી મધ્યમ વર્ગીય લોકોને ડરાવતો હતો.

રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જર દ્વારા રાજકોટ ગ્રામ્યમાં ગેરકાયદેસર વ્યાજખોરી કરી સામાન્ય જનતાને હેરાન કરતા તત્વો વિરુધ્ધ કાર્યવાહી કરી વ્યાજખોરો ઉપર કાયદાનો ગાળીયો કસવા માટે પાસા દરખાસ્ત તૈયાર કરી મોકલી આપવાની આપેલ સુચનાથી ગોંડલ ડીવાયએસપી કે.જી.ઝાલાના માર્ગદર્શન હેઠળ મેટોડા જીઆઇડીસી પોલીસ મથકના પીઆઈ એસ.એચ.શર્માએ ખીરસરા ગામ ખાતે રહી લાંબા સમયથી લાયસન્સ વગર વ્યાજ વટાવનો ધંધો કરતા જીતેંદ્ર અમૃતભાઇ રત્નોતરએ અનેક મધ્યમવર્ગીય પરિવારોને ઉંચા વ્યાજે નાણા આપી તેમની પાસેથી કોરા ચેક અને મિલકતના કાગળો પડાવી લીધા હતા.

ઉપરાંત મુદ્દલ કરતા અનેક ગણુ વ્યાજ વસુલ્યા બાદ પણ ભોગ બનનારને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી માનસીક ત્રાસ આપવામા આવતો હતો. જેથી આ વ્યાજખોર વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી રાજકોટ કલેક્ટર ડો.ઓમ પ્રકાશને મોકલતા તેઓએ વ્યાજખોર શખ્સને ભયજનક વ્યક્તી (વ્યાજખોર) ગણી પાસા વોરંટ ઇસ્યુ કરતાં પોલીસે વ્યાજખોર જીતેન્દ્ર અમૃત રત્નોતર (ઉ.વ.૩૮, ધંધો વેપાર, રહે.ખીરસરા, લોધીકા) ને પકડી પાસા વોરંટની બજવણી કરી મહેસાણા જીલ્લા જેલમાં મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

ઉલ્લેખનીય છે કે, વ્યાજખોર જીતેન્દ્ર રત્નોતરે મેટોડાના યુવાન પાસેથી ૧૦ ટકા તોતિંગ વ્યાજ લઈ ઘરેણાં-વાહન પડાવી લીધાં હતાં. તેમજ યુવકે અઢી લાખ ચૂકવી દીધા છતાં આરોપીએ વધુ નાણાંની પઠાણી કરી ધમકી આપી હતી. તેમજ પરાપીપળીયા ગામે એકતા સોસાયટીમાં રહેતાં અને પ્રોવિઝન સ્ટોર ચલાવતા વેપારી અનાર્ધનભાઇ ભાવેન્દ્રભાઈ ખાંડાએ પત્નીની સારવાર અર્થે લીધેલા રૂ. ૨.૭૫ લાખ સામે વ્યાજખોર જીતેન્દ્ર અમૃત રત્નોતરને ૩ લાખ રોકડા આપ્યા છતાં તેણે વેપારીનું મકાન, દુકાનનો દસ્તાવેજ અને ઇક્કો ગાડી પડાવી લઇ ધમકી આપી વ્યાજની પઠાણી ઉઘરાણી કરી હતી. જે બંને ગુનામાં મેટોડા જીઆઇડીસી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

રૂખડિયાપરામાં ખુનની કોશીશના ચકચારી કેસમાં બે આરોપીના ચાર્જશીટ પહેલા જામીન મંજુર

આ કેસમાં આરોપી તરફે રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા

મુખ્ય સમાચાર, રાજકોટ

ગત તારીખ ૨૬/૧૦/૨૦૨૫ના રોજ રૂખડિયાપરા વિસ્તારમાં ફરીયાદી આશીફભાઈ ઉર્ફે મામા અહેમદભાઈ ભાણુંને રાત્રીના દશેક વાગ્યે આરોપી સબીર ઉર્ફે લાલાએ ફોન કરી તું ક્યાં છે એવું પુછેલ જેથી ફરીયાદીએ પોતે ઘરે હોવાનું જણાવેલ અને થોડી વારમાં આરોપીઓ સબીર ઉર્ફે લાલો તથા ઇકબાલ ફરીયાદીના ઘર પાસે જઇ ફરીયાદીને ગાળો આપવા લાગેલ અને ઉછીના રૂપીયા પાછા કેમ નથી આપતો તેમ કહી ઝઘડો કરવા લાગેલ અને ઝપાઝપી કરી બન્ને આરોપીઓ જતાં રહેલ ત્યારબાદ થોડીવાર પછી રાત્રિના સાડા દસ વાગ્યા આસપાસ ફરીયાદી રૂખડિયાપરામા પંજેતન ચોક નજીક પોતાના મિત્ર સાથે બેઠેલ હતા ત્યારે બે

રૂપરાજસિંહ પરમાર (આરોપી ના એડવોકેટ)

મોટરસાઇકલમાં સબીર ઉર્ફે લાલો તથા તેનો ભાઈ અનવર તથા ઇકબાલ શેખ, અકરમ ચૌહાણ તથા અરમાન હોથી છરીઓ, તલવાર તથા લોખંડના પાઇપ જેવા ઘાતક હથિયાર ધારણ કરી ફરીયાદીને શરીરે ગંભીર જીવલેણ ઇજાઓ કરી હત્યા નિપજાવવાનો પ્રયાસ કરેલ જે બાબતની આક્ષેપિત ફરીયાદ ફરીયાદીએ પ્રધ્યુમનનગર પોલીસ સ્ટેશનમાં કરેલ ત્યારબાદ પ્રધ્યુમનનગર પોલીસે તમામ આરોપી સબ્બીર ઉર્ફે લાલો સલીમભાઈ રાઠોડ, અકરમ ઇકબાલભાઈ ચૌહાણ, અનવર ઉર્ફે કચુ સલીમભાઈ રાઠોડ, અરમાન દિલાવરભાઈ હોથી, ઇકબાલ મહમદહુશેન શેખની ધરપકડ કરી કોર્ટમાં રજુ કરેલ અને ત્યારબાદ તમામ આરોપીઓને જેલ હવાલે કરેલ, ત્યારબાદ જેલમાં રહેલ આરોપીઓ પૈકી અરમાન દિલાવરભાઈ હોથી તથાઇકબાલ મહમદહુશેન શેખ દ્વારા પોતાના વકીલ મારફત રાજકોટ સેશન્સ કોર્ટમાં જામીન પર મુક્ત થવા માટે અરજી કરેલ હતી સદરહું જામીન અરજી ચાલી જતાં ફરીયાદપક્ષ તથા આરોપીપક્ષની દલીલો, ઉચ્ચ ન્યાયાલયો ના ચુકાદાઓ તેમજ કેસ ના સંજોગો ને ધ્યાને લઈ રાજકોટની એડી. સેશન્સ કોર્ટે આરોપીઓ અરમાન દિલાવરભાઈ હોથી તથા ઇકબાલ મહમદહુશેન શેખની રેગ્યુલર જામીન અરજી ચાર્જશીટ પહેલા મંજુર કરેલ છે. આ કામે આરોપીઓ અરમાન દિલાવરભાઈ હોથી, ઇકબાલ મહમદહુશેન શેખ તરફે રાજકોટના એડવોકેટ રૂપરાજસિંહ પરમાર, અજીતભાઈ પરમાર, હુસૈનભાઈ હેરંજા, રવિભાઈ લાલ, જયદેવસિંહ ઝાલા, પાર્થરાજસિંહ ઝાલા, જીતભાઈ શાહ, દિપકભાઈ ભાટિયા, અંકિતભાઈ ભટ્ટ, રહિમભાઈ હેરંજા, પ્રેમરાજસિંહ પરમાર રોકાયેલ હતા.

કાગદળી ગામે અગાસી પર વિજલાઇનને અડી જતા યુવાનનું મોત

અમુલ સર્કલ બસ સ્ટેશન પાસે ઝાડ સાથે દોરડું બાંધી યુવાને કર્યો આપઘાત

મુખ્ય સમાચાર, રાજકોટ

શહેરની ભાગોળે મોરબી રોડ પર આવેલા કાગદડી ગામે અને ભાવનગર રોડ પર અમુલ સર્કલ પાસે બે અપમૃત્યુના બનાવો બનવા પામ્યા છે. જેમાં અગાસી પર પસાર થતા વિજલાઇનને અડી જતા અને ઝાડ સાથે દોરડું બાંધી ગળાફાંસો ખાઇલેતા બે યુવાનોના મોત થયા હોવાનું પોલીસ ચોપડે નોંધાયું છે.

પ્રથમ બનાવમાં મોરબી રોડ પર આવેલા કાગદડી ગામે રહેતો સુરજકુમાર ધીરજકુમાર ઝા (ઉ.વ.૨૧) નામનો યુવાન ગઇકાલે સાંજના પાંચેક વાગ્યે કંપનીની અગાસી પર કામ કરતો હતો ત્યારે ઉપરથી પસાર થતી વિજલાઇનને અડી જતા વિજ કરંટ લાગતા બેભાન

હાલતમાં સરકારી હોસ્પિટલે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ તેને જોઇ તપાસી મૃતક જાહેર કર્યો હતો. બનાવ અંગેની જાણ કુવાડવા રોડ પોલીસ મથકે કરવામાં આવતા હેડ કોન્સ. એલ.એસ.મહાજન સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે દોડીજઇ પ્રાથમીક તપાસ શરૂ કરી હતી.

જયારે બીજા બનાવમાં નવા થોરાળા મેઇન રોડ પર રહેતો પ્રવિણ ગોવિંદભાઇ રાઠોડ નામનો યુવાન ગત રાત્રીના કોઇ ગમ્ય કારણોસર ભાવનગર રોડ પર અમુલ સર્કલ પાસે આવેલ બસ સ્ટેશન નજીક ઝાડની દાળીમાં દોરડું બાંધી ગળેફાંસો ખાઇ જીવન લીલા સંકેલી લીધી હતી. બનાવ અંગેની જાણ થોરાળા પોલીસને કરવામાં આવતા પીએસઆઇ એચ.ટી.ઝીંઝાળા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી જઇ પ્રાથમીક તપાસ હાથ ધરી હતી.

રણછોડનગરમાં દુધની ડેરીમાં દારૂ પીતા શખ્સને પકડવા ગયેલી પોલીસની ફરજમાં રૂકાવટ

પોલીસે આઇકાર્ટ બતાવી ઓળખ આપવા છતાં શખ્સે હું તને જોઇ લઇશ કહી ગંભીત ધમકી આપી, પરિવારજનોએ હુમલો કર્યો

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં લુખ્ખા અને આવારા તત્ત્વો છાસવારે બેફામ બન્યાની ઘટનાઓ પ્રકાશમાં આવી છે અને ખાખીનો ખોફ ઓસરી રહ્યો હોય તેવું વાતાવરણ સર્જાઇ રહ્યું છે. તેવામાં સામાકાંઠે રણછોડનગરમાં દુધની ડેરીની અંદર દારૂ પીતા શખ્સને પકડવા ગયેલી પોલીસની ટુકડી પર પરિવારજનોએ હુમલો કરી ગર્ભીત ધમકી આપ્યાની ફરીયાદ બી-ડિવિઝન પોલીસમાં નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ સામાકાંઠે બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં અર્નામ લોકરક્ષક તરીકે ફરજ બજાવતા કોન્સ્ટેબલ વિશાલભાઇ રામભાઇ મકવાણાએ ફરીયાદ નોંધાવી છે કે, તેઓને બાતમી મળી હતી કે, રણછોડનગર શેરી નં.૩ શ્રી ટેલીકોમની સામે વિશાલ મીલ્ક નામની દુધની ડેરીમાં એક શખ્સ દારૂ પીવે છે. જેના આધારે પોલીસની ટુકડી ઉપરોકત સ્થળે દોડી ગઇ હતી. ત્યારે ડેરીનું સંચાલન કરતો દિપક જયંતી માનસુરીયા નામના પટેલ શખ્સ અને તેના પરિવારજનો હાજર હોય કોન્સટેબલે પોતે પોલીસ હોવાનું આઇકાર્ટ બતાવ્યું હોય તેમ છતાં આ શખ્સોએ બોલાચાલી કરી જપાજપી કરી તું મને ઓળખતો નથી. હું તને જોઇ લઇશ તેવી ગર્ભીત ધમકી આપી કોલર પકડી પોલીસની ટીમ પર હુમલો કરી ફરજ રૂકાવટ કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીએસઆઇ કે.પી.જાદવએ દુધની ડેરીના સંચાલક દિપક પટેલ સામે ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

દિલ્હી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી રૂ.૮૮.૫૦ લાખની ઠગાઇ કરનાર આરોપી ઝડપાયો

વૃધ્ધને મનીલોન્ડ્રીંગ અને ડ્રગ્સના મોટા જથ્થાના કેસમાં ફીટ કરી દઇ જીંદગીભર જેલમાં રહેવાની ધમકી આપી'તી

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટ શહેરમાં રહેતા એક વૃધ્ધને દિલ્હી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી રૂ.૮૮.૫૦ લાખની માતબાર રકમની ઠગાઇ કરી ડીજીટલ એરેસ્ટ કરનાર એમપીના શખ્સની સાયબર ક્રાઇમ પોલીસે ધરપકડ કરી છે.

આ અંગેની પોલીસ સુત્રોમાંથી

મળતી માહિતી મુજબ અગાઉ રાજકોટમાં રહેતા એક વૃધ્ધને દિલ્હી ક્રાઇમ બ્રાન્ચના અધિકારીની ઓળખ આપી તેમને મનીલોન્ડ્રીંગ તથા ડ્રગ્સના મોટા જથ્થાના કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી આખી જીંદગી જેલમાં રહેવાનું થશે તેમ ધમકી આપી અલગ-અલગ બેંક એકાઉન્ટમાં બળજબરીથી રૂ.૮૮.૫૦ લાખની છેતરપીંડી કરી હોવાનો ગુન્હો સાયબર ક્રાઇમમાં નોંધાયો હતો. બનાવના પગલે પીઆઇ જે.એમ.કૈલા, એસ.ડી.ગીલવાના માર્ગદર્શન હેઠળ અલગ-અલગ ટીમ બનાવી તપાસ કરતા મધ્યપ્રદેશના દેવાસ જીલ્લાના દ્રોપતીનગરમાં રહેતો દેવાંગ ઉર્ફે કાનો રાહુલ જોશી નામના શખ્સના બેંક એકાઉન્ટમાં રૂ.૮ લાખ મળેલ હોય તે સામે આવતા પોલીસે મધ્યપ્રદેશના દેવાંગ ઉર્ફે કાનો જોશીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

જેતપુરના ભોજાધાર વિસ્તારમાં જુગાર રમતા ૯ પત્તાપ્રેમીની ધરપકડ

મુખ્ય સમાચાર, રાજકોટ

જેતપુર સીટી વિસ્તારમાં પીઆઇ એ.ડી.પરમારની સુચનાથી હેડ કોન્સ. દિવ્યેશભાઇ, ધવલભાઇ, રાણાભાઇ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે ભોજાધારમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની હકિકત મળતા પોલીસે ઉપરોકત સ્થળે દરોડો પાડતા જાહેરમાં તીનપત્તીનો જુગાર રમતો પપ્પુ બ્રહ્મદેવ ચૌહાણ, પ્રશાંત ભરત પાસવાન, મદન શ્રીમોતી ચૌહાણ, સંતોષ રમેશ ચૌહાણ, રણજીત હારાંગી પાસવાન, રાજુ રામઅવતાર બીંદ, પૃથ્વીરાજ મહારાજ રામ, બંદુદર રાજેશ, વિકાસ દુલારેરામ સહિત નવ શખ્સોની ધરપકડ કરી જુગારના પટ્ટમાંથી રોકડા રૂ.૩૦૬૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

જેતપુરમાં કેપ્ટો' ડોગે પકડયો ઘરની અંદરથી ગાંજાનો જથ્થો



મહિલાના ઘરમાં તેના પ્રેમીના સસરાએ જથ્થો રાખ્યો હતો

મુખ્ય સમાચાર, જેતપુર

જેતપુર સીટી પોલીસે 'કેપ્ટો' નામના લેબ્રોડોર ડોગની મદદથી બાવાવાળાપરા વિસ્તારમાં દરોડો પાડીને ઘરમાં સંતાડેલા ગાંજાના જથ્થા સાથે એક મહિલાને ઝડપી પાડી છે. આ પ્રકરણમાં મહિલા, તેના પ્રેમીના સસરા અને વીરપુરના એક સાધુની ચેઈન ખૂલતા ચકચાર મચી જવા પામી છે.

આ બનાવની વિગત એવી છે કે, જેતપુર સીટી પોલીસ મથકના પ્રોબેશનરી આઈ.પી.એસ. પ્રખર કુમારના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એ.ડી. પરમાર અને તેમની ટીમ પેટ્રોલીં ગમાં હતી. દરમિયાન પોલીસ કોન્સ્ટેબલ ભગીરથસિહ જાડેજાને બાતમી મળી હતી કે બાવાવાળાપરામાં બોખલા દરવાજાથી ટાકુડીપરા જવાના રસ્તે રહેતી શરદબેન દિનેશભાઈ લણાગરીયા નામની મહિલાએ પોતાના મકાનમાં ગાંજાનો જથ્થો સંતાડયો છે.

બાતમીના આધારે પોલીસે રાજકોટ ગ્રામ્યના ડોગ હેન્ડલર એ.એસ.આઈ. રાજેન્દ્રસિહ રાયજાદા અને તેમના ટ્રેઈન્ડ લેબ્રોડોર ડોગ 'કેપ્ટો' સાથે મહિલાના ઘરે દરોડો પાડયો હતો. પોલીસ મકાનની તલાશી લઈ રહી હતી ત્યારે 'કેપ્ટો' ડોગ રૂમમાં બારી અને સિગલ બેડની વચ્ચે પડેલી કાળા કલરની થેલી પાસે જઈને ભસવા લાગ્યો હતો અને પગ પછાડી ઈશારો કર્યો હતો. પોલીસે તે થેલી તપાસતા તેમાંથી વનસ્પતિજન્ય માદક પદાર્થ મળી આવ્યો હતો.

સ્થળ પર એફ.એસ.એલ.ની મોબાઈલ વાન બોલાવી ખરાઈ કરતા આ પદાર્થ ગાંજો હોવાનું સામે આવ્યું હતું. પોલીસે શરદબેન પાસેથી ૯૧૪ ગ્રામ ગાંજો (કિંમત રૂ. ૪૫,૭૦૦) કબજે કર્યો હતો. મહિલાની પૂછપરછમાં તેણે કબૂલ્યું હતું કે આ ગાંજો તેના પ્રેમીના સસરા હનીફ સીતારભાઈ રફાઈ (રહે. જેતપુર) લઈ આવ્યા હતા. પોલીસે હનીફની પણ ધરપકડ કરી હતી. વધુમાં હનીફે આ જથ્થો વીરપુરના એક સાધુ પાસેથી મેળવ્યો હોવાની કબૂલાત કરતા પોલીસે તે સાધુની શોધખોળ હાથ ધરી છે. જેતપુર સીટી પોલીસે શરદબેન અને હનીફભાઈ વિરૂદ્ધ એન.ડી.પી.એસ. એક્ટની કલમ ૮(સી) અને ૨૦-બી મુજબ ગુનો નોંધી, મુખ્ય સપ્લાયર સાધુને ઝડપી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

પરિવારની સમસ્યા દૂર કરવા રાજકોટના પાખંડીએ રૂ.૨૪.૨૩ લાખ પડાવ્યા

ઓસ્ટ્રેલીયામાં પુત્ર સાથે રહેતા તેના રૂમ પાર્ટનરે પાખંડીનો સંપર્ક કરાવ્યો હતોઃ રૂપિયા નહીં આપો તો મારા ઘરે બેસેલ માતાજી કોપાઈ માન થશે કહી બીવડાવ્યા

મુખ્ય સમાચાર, રાજકોટ

અમદાવાદ રહેતા પરિવારની સમસ્યાઓ દુર કરવા ઓસ્ટ્રેલીયામાં રહેતા પુત્રના રૂમ પાર્ટનરે રાજકોટના પાખંડીનો સંપર્ક કરાવ્યા બાદ તમામ કામ થઈ જશે કહી રૂ.૨૪.૨૩ લાખ પડાવી કામ ન કરી વધુ પૈસા માંગેલ હોય અને જો પૈસા ન ચુકવે તો પાંખડીના ઘરમાં બેસેલ માતાજી કોપાઈ માન થશે કહી બીવડાવી છેત્તરપીંડી આચરી હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

અમદાવાદમાં પ્રવાહ એપાર્ટમેન્ટ ફલેટ નં એ-૪૦૪માં રહેતા જયંતિલાલ ભુરાજી પરમારે ભકિતનગર પોલીસમાં ગુંદાવાડી શેરી નં ૨૨માં રહેતા સતીષ રામજીભાઈ ધામી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે તેનો પુત્ર અંકિત જે વર્ષ ૨૦૧૯થી ઓસ્ટ્રેલીયામાં રહી નોકરી છે. તેની સાથે રૂમમાં પાર્થ ચોવટીયા રહે છે. પુત્ર અંકિતને પીઆઈ ની સમસ્યા, તેના મમ્મી જયશ્રીબેને પગમાં સોજો રહેતો હોય તેમજ ઘરમાં કંકાસ તથા નોકરી-ધંધો વ્યસ્થિત ચાલતો ન હોય અને એકવાર પુત્રની સગાઈ તુટી ગયેલ હોય તેના કારણે પુત્ર મુજવણમાં રહેતો હોવાથી તેના મિત્ર પાર્થને વાત કરતા તેણે પણ રાજકોટ રહેતા ચમત્કાર સતીષ ધામી પાસે પૈસા દઈને કામ કરાવેલ હોવાનું કહેતા જ પુત્રએ તેનો સંપર્ક કરાવવાની વાત કરેલ જેથી પાર્થે પાંખડી સતીષનો સંપર્ક કરાવેલ હોય અને પુત્રએ આસ્ટ્રેલીયાથી વિડીયો કોલમાં વાત કરેલ અને પાંખડીએ કહ્યું કે કોઈ પણ કામ હોય તો કયો હું તમારી તમામ સમસ્યાઓ દુર કરી આપીશ જેથી પુત્ર તેની વાતમાં આવી જઈ તેના ખાતામાં રૂ.૧૭.૨૩ નાખ્યા હતા. બાદ વર્ષ ૨૦૨૩માં પુત્ર ઓસ્ટ્રેલીયાથી અમદાવાદ આવતા અમો ચારેય સતીષના ઘરે ગયેલ ત્યારે તેણે કહ્યું કે તમારા તમામ કામ થઈ જશે પણ તમારે રૂપિયા આપવા પડશે.બાદ મારા નાના પુત્ર હાર્દીકે પાંખડીના ખાતામાં રૂ.૫ લાખ જમા કરાવ્યા હતા.પરંતુ અમારૂ કામ થતુ ન હોય જેથી ફરિવાર પાંખડીના ઘરે જતા તમારા કામ માટે માતાજીની વિધી કરવી પડશે તેના બે લાખ થશે નર્શી આપો તો મારા ઘરે બેસેલ મારી માતાજી કોપાઈ માન થશે જેથી તેના ઘરે રોકડ રૂ.૨ લાખ આપ્યા હતા.બાદ કોઈ કામ થતું ન હોય જેથી પુત્ર અંકિતે સતીષને ફોન કરતા પૈસાની માંગણી કરતો હોય જેથી મિત્ર પાર્થને વાત કરતા તેને કહ્યું કે મારા પણ પૈસા લઈ લીધેલ છે અને કામ કરેલ નથી જેથી છેત્તરપીંડી આચરી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

કૈલાશ પાર્કમાં વૃદ્ધાએ અન્ય વૃદ્ધા સહિત ત્રણ લોકોને માર્યો રૂા. ૬.૩૧ લાખનો ધૂંબો

કારનો અકસ્માત થયાનું કહી ૧.૧૦ લાખ ઉછીના લીધા બાદ કટકે કટકે પૈસા પડાવ્યે રાખ્યા, ૫૮ હજારનું કરિયાણું પણ ઓળવી ગયાં

મુખ્ય સમાચાર, રાજકોટ

કોઠારિયા રોડ ઉપર કૈલાશ પાર્ક-૩માં રહેતા ૫૭ વર્ષીય વૃદ્ધાને તેમના જ જાણીતા વૃદ્ધાએ ૬.૩૧ લાખ રૂપિયાનો ધૂંબો મારતાં પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. આ અંગે ની માહિતી મુજબ જયાબેન રમેશભાઈ ગરનારાએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ સાડીનો વેપાર કરે છે જ્યારે એસઆરપી કેમ્પ પાસે અરાઈઝ-૨ એપાર્ટમેન્ટમાં રહેતા પ્રિતીબેન બિપીનભાઈ કારેલિયા પણ સાડીનો વેપાર કરતા હોય બન્ને ૨૦ વર્ષથી એકબીજાના પરિચયમાં છે. ૨૦૧૯માં પ્રિતીબેનની કારનો અકસ્માત થતાં ૧.૧૦ લાખ રૂપિયા માંગ્યા હતા. જયાબેને પોતાના ઘરેણા ગીરવે મુકી પ્રિતીબેનને ઉછીના પૈસા આપ્યા હતા. થોડા સમય બાદ પ્રિતીબેને જયાબેનના ઘરેણા જે અગાઉથી જ ગીરવે પડ્યા હતા તેના ઉપર ૧.૫૫ લાખની લોન રિન્યુ કરાવી હતી. જો કે પૈસા ભરપાઈ ન કરતા દાગીનાની હરાજી થઈ ગઈ હતી.

આ પછી પ્રિતીબેને મકાન વેચાઈ જશે એટલે પૈસા પરત આપી દેશે જેવો વાયદો કરી લગ્નમાં પહેરવા માટે સોનાનો ચેઈન, બુટી સહિતના ઘરેણા લઈ ગયા હતા જે પણ પરત આપ્યા ન્હોતા. ત્યારપછી મકાનના કાગળ કરવાના નામે ૩.૦૫ લાખ રૂપિયા હાથ ઉછીના લીધા બાદ તે પૈસા કે અગાઉ લઈ ગયેલા સોનાના ઘરેણા પરત આપ્યા હતા. આટલુ ઓછું હોય તેમ પ્રિતીબેને જયાબેનની શેરીમાં રહેતા ભીમજીભાઈ ધનજીભાઈ રાઠોડ પાસેથી કારનો અકસ્માત થયાના નામે ૭૮ હજાર રૂપિયા લીધા હતા જે પણ પરત કર્યા ન હોવાનું જાણવા મળ્યું હતું. વળી, જયાબેને પ્રિતીબેન ઉપર દયા ખાઈ ૫૮ હજારનું કરિયાણું તેમજ ૨૫ હજાર રોકડા અપાવ્યા હતા. એકંદરે કટકે કટકે પ્રિતીબેને જયાબેન પાસેથી ૪.૯૫ લાખ, ભીમજીભાઈ ધનજીભાઈ રાઠોડને ૭૮ હજાર અને કરિયાણાના વેપારી લવજીભાઈ ભાણાભાઈ પરમારને ૫૮,૦૦૦ મળી કુલ ૬.૩૧ લાખ પરત ન આપતા પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

ચંપકનગરમાં કારખાનામાંથી ૧૪૦ કિલો ચાંદીની ચોરી જાણભેદુ હોવાની શંકા

વેપારીના મકાનમાં પડેલા ચાંદીના દાગીનાનો જથ્થો મોડી રાત્રે ક્રેટા કારમાં આવેલા શખ્સો ચોરી કરીને લઇ ગયાઃ ૧.૬૨ કરોડની ચાંદીના ઘરેણાની ચોરીથી હડકંપ

મુખ્ય સમાચાર, રાજકોટ

રાજકોટમાં સિલ્વર માર્કેટ હબ મનાતા સામાકાંઠા વિસ્તારમાં ચાંદી કામના ધંધાર્થીને ત્યાં ગત રાત્રે તસ્કરો ખાબક્યા હતા. કારમાં ૧૩૦થી ૧૪૦ કિલો ચાંદીના દાગીના ભરીને પલાયન થઈ ગયા હતા. સવારે વેપારીને જાણ થતાં તુરંત જ પોલીસને જાણ કરાઈ હતી. ઉચ્ચ અધિકારીઓ સહિતનો કાફલો દોડી આવ્યો હતો.

આ અંગેની માહિતી મુજબ ચંપકનગર નં.૧માં બ્રહ્મક્ષત્રિય સમાજની વાડી પાસે આવેલા મકાનમાં અતુલભાઈ લીંબાભાઈ બુસાનું ચાંદીના ઘરેણા બનાવવાનું કારખાનું છે. મકાન અતુલભાઈના મિત્ર બિપીનભાઈ અગેવાડિયાનું છે. આજે સવારે મકાન ખુલ્લું જોતા અને અંદર ચોરી થયાનું માલુમ પડતાં તુરંત જ અતુલભાઈને

જાણ કરી હતી.

વેપારી અતુલભાઈ તેમજ પરિચિતો દોડી આવ્યા હતા. મકાનમાં તપાસ કરતાં અંદર તૈયાર કરેલા ૫૧ ટચના દાગીનાનો મોટો જથ્થો ગાયબ હતો. અંદાજે ૧૩૦થી ૧૪૦ કિલો જેવા ૫૧ ટચનું ચાંદી, ઘરેણા ચોરાયાનું માલુમ પડ્યું હતું. બે કરોડ જેવા ચાંદીની ચોરી થયાના પગલે સામાકાંઠે ચાંદીના વેપારીઓમાં પણ ભારે ચકચાર જાગી હતી. બનાવના પગલે ધારાસભ્ય ઉદય કાનગડ પણ દોડી આવ્યા હતા. ચાંદીની મોટી ચોરી થયાની જાણ થતાં જ બી-ડિવિઝન પોલીસનો કાફલો પહોંચ્યો હતો.

ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, ડીસીપી ઝોન-૧ હેતલ પટેલ, બી-ડિવિઝન પીઆઈ રાણે સહિતનો સ્ટાફ ધસી ગયો હતો. ચોરી સંદર્ભે વિગતો મેળવી હતી. સીસીટીવી ચેક કરાતા બ્લેક કલરની ક્રેટા કારમાં આવેલા શખસો ચોરી કરીને ભાગતા દેખાયા છે.

રૈયા સર્કલ પાસે રામેશ્વર પાર્ક-૧માં રહેતા પડધરીના વિસામણ ગામના વતની અતુલભાઈ બુસા (ઉ.વ.૩૯) શક્તિ સિલ્વર નામે ચાંદીના ઘરેણા બનાવવાની પેઢી છ વર્ષથી ધરાવે છે અને ચાંદીના દાગીના બનાવવાનું જોબ વર્ક કરે છે. ચાંદીના વેપારીઓ પાસેથી ઓર્ડર મેળવીને ઓર્ડર મુજબ ઘરેણા બનાવી આપે છે. ખાસ કરીને તો સ્ત્રીઓના ઓર્નામેન્ટમાં પાયલ વિંછીયાનું પ્રોડક્શન વધુ ધરાવે છે. ચોરી સંદર્ભે પોલીસે નોંધેલી ફરિયાદમાં સવારે ઘરે હતા ત્યારે અતુલભાઈને તેમના કાકા જયેશભાઈ બુસાનો ફોન આવ્યો હતો કે તારી પેઢીના દરવાજા ખૂલ્લા છે. અતુલભાઈ પેઢીએ પહોંચ્યા હતા જ્યાં કાકા જયેશભાઈ અને ઘર માલિક બિપીનભાઈ હાજર હતા. અંદર જઈને તપાસ કરતાં પેઢીના દરવાજા પર લોખંડની જાળી હતી તેમાં જમણી બાજુનો લોક હતો નહીં.

રૂમમાં તપાસ કરતા અંદર પડેલા ૫૦ ટનના આશરે ૧૩૦થી ૧૪૦ કિલો ચાંદીના વજનના વિંછીયા તથા સાંકળાના બોક્સ કે જે ૧૧ કોથળા (બોરીઓ) હતી જે ગાયબ હતી. અંદાજે ૧,૬૨,૫૦,૦૦૦ (એક કરોડ બાસઠ લાખ પચાસ હજાર) રૂપિયાની કિંમતના આશરે ૧૩૦થી ૧૪૦ કિલો ચાંદી (૫૦ ટચ)ના ઘરેણા ચોરાયા હતા. તસ્કરો પેઢીના જાળીના ભાગે મારેલું તાળું તોડીને મોટો હાથ મારી ગયા હતા.